

ભગવાન શ્રી કુન્દકુન્દ છો, સમયસારજી દાતાર છો;
ગ્રંથો તણા ગૂઢ મર્મદાતા, સાક્ષાત્ શ્રી કહાન છો.

કહાન સંવત-૧૧ □ (૫૬૬) ❋ આત્મધર્મ ❋ (અંક-૬ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ ડીસેમ્બર, ૧૯૯૦



# આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો

* જો દેહમેં રહતા હૈ, તો ભી દેહસે જુદા હૈ, સર્વ અશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ, વહી આત્મદેવ ઉપાદેય હૈ. ૨૫૩.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૩૩)

* સાડાત્રણ હાથની દેરીમાં સંત–નિરંજન વસે છે; બાળજીવો તેમાં પ્રવેશ કરી શકતા નથી; તું નિર્મળ થઈને તેને ચેત. ૨૫૪.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૯૪)

* મેરા આત્મા એક અકેલા હી હૈ, અવિનાશી હૈ, જ્ઞાન-દર્શન-સ્વરૂપ હૈ. મેરે શુદ્ધાત્માકે ભાવકો છોડકર જિતને ભી રાગાદિ ભાવ હૈં વે સર્વ પુદ્ગલકે સંયોગસે હોતે હૈં અતએવ મેરે આત્માસે બાહર હૈં. ૨૫૫.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૪૯)

* જો મારા મનમાં સમસ્ત ઇચ્છાઓના અભાવરૂપ અનુપમ સ્વરૂપવાળું ઉત્કૃષ્ટ આત્મતત્ત્વ સ્થિત હોય તો પછી રાજ્યલક્ષ્મી તૃણ સમાન તુચ્છ છે; તેના વિષયમાં તો શું કહું ? પરંતુ મને તો ત્યારે ઇન્દ્રની સંપત્તિનું ય કાંઈ પ્રયોજન નથી. ૨૫૬.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત્, શ્લોક–૬૨)

* હું ચૈતન્યસ્વરૂપ, અદ્વિતીય, અન્યના સંગથી રહિત એકલો, કર્મમલથી રહિત નિર્મલ, આનંદસ્વરૂપ (છું) એમ સ્મરણ કરું છું. (આ) અર્ધ શ્લોક વડે મુક્તિને માટે સર્વજ્ઞનો ઉપદેશ નિરૂપણ કરાયેલો છે. ૨૫૭. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૩, ગાથા–૨૨)

— * —

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૬
[ ૫૬૬ ]

વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
DEC.
A.D. 1990




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ચૈતન્ય-ગોળાને છૂટો અનુભવવાની રીત

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૨૭)

શ્રી પરમાત્મપ્રકાશના પ્રથમ અધિકારની આ ૪૦મી ગાથા ચાલે છે.

આ ભગવાન આત્મા વસ્તુ દૃષ્ટિએ જુઓ તો શુદ્ધ અને જ્ઞાનાનંદસ્વરૂપ જ છે. નિશ્ચય ષ્ટિ એટલે સત્યદૃષ્ટિથી જોતાં આત્મા પોતે જ પરમાત્મા છે.

શુદ્ધ નિશ્ચયનયથી પોતે જ પરમાત્મા હોવા છતાં પોતાના અતીન્દ્રિય આનંદ, જ્ઞાન અને શાંતિને ભૂલીને પોતે જ અશુદ્ધરૂપે પરિણમ્યો છે. શુદ્ધજ્ઞાન, આનંદ, શાંત-સ્વરૂપની પ્રતીતિ ન કરતાં, આત્માથી વિરુદ્ધ એવા શુભ-અશુભભાવ કરીને જીવને દુભાવ્યો છે. શુભ-અશુભ પરિણામ વડે આત્માની શાંતિને એણે હઝાડી છે અને મિથ્યાત્વ અને કષાય પરિણતિ વડે જગતમાં ભટક્યો છે. એકલા કામ, ક્રોધાદિ વિકાર પરિણતિરૂપ થયો થકો, જગતનો કર્તા થઈ જગતમાં ભટક્યો છે.

અજ્ઞાની જીવ જગતનો કર્તા થાય છે એમ કેવી રીતે કહ્યું?—કે અજ્ઞાની જીવ પુણ્ય-પાપના અશુદ્ધ-મલિન પરિણામ કરીને કર્મ બાંધે છે અને તેના ફળમાં ત્રસ-સ્થાવર આદિ શરીરોને ધારણ કરે છે તેથી વ્યવહારથી તે જીવને આ શરીરોરૂપ જગતનો કર્તા કહેવામાં આવે છે.

અશુદ્ધરૂપે પરિણત થયેલો જે આત્મા વ્યવહારથી જગતનો કર્તા કહેવાય છે તે જ આત્મા શુદ્ધપણે પરિણત થતાં શુદ્ધ કહેવાય છે કે જેમાં પુણ્ય-પાપની તો ગંધ પણ નથી, તેમાં તો અતીન્દ્રિય આનંદની સુવાસ ભરેલી છે. અતીન્દ્રિય આનંદની સુવાસથી ભરેલા આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતારૂપે પરિણમતા થકા જ્ઞાની વિકાર પરિણામને હરે છે. કર્તા-હર્તા શબ્દનો અર્થ લઈએ તો આ અર્થ છે કે ધર્મી-જીવ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન પરિણતિનો કર્તા છે અને વિકાર પરિણામનો હર્તા છે અને અજ્ઞાની પોતાના અતીન્દ્રિય આનંદનો પ્રેમ છોડી પુણ્ય-પાપના મલિન પરિણામનો કર્તા થાય છે તેથી તેને જગતનો કર્તા કહેવાય છે.

કોઈ ઈશ્વર જગતનો કર્તા નથી. દરેક જીવ પોતપોતાની સૃષ્ટિનો કર્તા છે. પોતાના અતીન્દ્રિય આનંદની સુવાસને ભૂલીને અજ્ઞાની તેનાથી વિરુદ્ધ, સ્ત્રી, પુરુષ, નપુંસકના ભોગની વાસનાને કરતો થકો કર્મો બાંધીને નવા શરીરોરૂપી જગતને કરે છે. આ રીતે અનંત આત્માઓ પોતાની શુદ્ધ ચૈતન્ય સૃષ્ટિને નહિ કરતાં, અશુદ્ધ પરિણતિ વડે શરીરરૂપ સૃષ્ટિના કર્તા થાય છે.

ભગવાન આત્મા તો શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે તેનો આશ્રય નહિ, અવલંબન નહિ, શ્રદ્ધા નહિ અને આદર નહિ અને એકલી અશુદ્ધ મલિન પરિણતિના આદર વડે, એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના દરેક જીવો અશુદ્ધ પરિણતિએ પરિણમતા થકાં તેના કર્તા થાય છે અને તેથી વ્યવહારનયે કર્મના કર્તા થાય છે અને એ કર્મના ઉદયે ત્રસ, સ્થાવરના શરીરો મળે છે તેનો પણ વ્યવહારનયે અજ્ઞાની કર્તા થઈને અનાદિથી ભટકી રહ્યો છે. માટે કહ્યું કે અજ્ઞાની જ પોતાના ઊંધા પરિણમન વડે જગતને કરે છે, અન્ય કોઈ ઈશ્વર કર્તા નથી.

જેમ અશુદ્ધ પરિણતિનો કર્તા આત્મા હતો તેમ શુદ્ધ પરિણતિનો કર્તા પણ આત્મા જ છે. કેવી રીતે?—કે ત્રણ પ્રકારના વેદની વાસનાથી રહિત અતીન્દ્રિય આનંદની સુવાસથી ભરેલા ભગવાનને પોતાનાં અંતરમાં આનંદના અનુભવથી વિશ્વાસ કરતો, શુદ્ધ પરિણતિરૂપે પોતે જ પરિણમે છે; માટે કર્મના કારણે અશુદ્ધપણું આવે છે અને કર્મના અભાવે શુદ્ધપણું આવે છે એ વાત જ નથી. નિમિત્તનું જ્ઞાન કરાવવા કથન ભલે હો, પણ કર્મ જીવને શુદ્ધ કે અશુદ્ધ કરતા નથી.

અજ્ઞાની જીવ પોતે, જે પોતાના આનંદસ્વરૂપને ભૂલી મિથ્યાશ્રદ્ધા સહિત મલિન પરિણામે પરિણમતો થકો વ્યવહારનયે કર્મ અને શરીરનો કર્તા થાય છે તે જ આત્મા પોતાના શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પર્યાયે પરિણમીને અશુદ્ધ પરિણતિનો હર્તા થાય છે, બીજો કોઈ તેનો હર્તા નથી.

પ્રભુ! તું જ તારો કર્તા અને તું જ તારો હર્તા છો. બીજો કોઈ જગતનો નિયંતા કર્તા-હર્તા છે જ નહિ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ આત્મા પોતે જ છે કેમ કે પોતે જ પોતાના વિકારની સૃષ્ટિ રચે છે અને પોતે જ તેનો નાશ કરે છે. પોતાના અશુદ્ધ પરિણમનનો કર્તા હતો તે જ પોતાના શુદ્ધ પરિણમનો કર્તા થઈને અશુદ્ધ વિકારનો હર્તા થાય છે.

આહાહા! જીવને કોઈ તારી દે, ઉગારી દે કે કોઈ મારી દે એવી કોઈ ચીજ જ જગતમાં નથી. કર્મ એને હેરાન કરે અને પરમાત્મા ઉગારી દે એ વાત જ નથી. તું જ તને ડૂબાડે અને તું જ તને ઉગારે છો.

ભગવાન એમ ફરમાવે છે કે તું જ તારી શુદ્ધ પરિણતિનો કર્તા થઈને વિકારનો હર્તા થા! અજ્ઞાનદશામાં તું જ વિકારનો કર્તા થઈને શુદ્ધતાનો હર્તા થતો હતો હવે જ્ઞાનદશામાં તું જ શુદ્ધ થઈને અજ્ઞાનનો હર્તા થા! અન્ય કોઈ હરિહરાદિ ઈશ્વર તારા જગતના કર્તા-હર્તા નથી.

હવે ભાવાર્થમાં મુનિરાજ કહે છે શુદ્ધનયથી જોતાં એટલે કે સમ્યક્ શ્રુતજ્ઞાનથી જોતાં વસ્તુ શુદ્ધ જ છે, અતીન્દ્રિય શુદ્ધ પરમાનંદથી ભરેલું તત્ત્વ છે, તોપણ અનાદિથી સંસારમાં જ્ઞાનાવરણાદિ કર્મોના બંધનથી ઢંકાઈ રહ્યો છે. અશુદ્ધનયથી પોતાની અશુદ્ધ પરિણતિથી ઢંકાઈ રહ્યો છે અને વ્યવહારનયથી આત્મા કર્મોથી ઢંકાય રહ્યો છે તેમ કહેવાય છે.

આમ જો કે શુદ્ધનયથી આત્મા શુદ્ધ હોવા છતાં વ્યવહારનયથી કર્મથી ઢંકાઈ રહ્યો છે તેથી વીતરાગ, નિર્વિકલ્પ સહજાનંદ અદ્વિતીય સુખના સ્વાદને પામતો નથી. જેની જગતમાં બીજી જોડ નથી એવા અજોડ-અદ્વિતીય સુખનો સ્વાદ તેને મળતો નથી. ચક્રવર્તી અને ઇન્દ્રો આદિનો આનંદ તો ઝેરવાળો આનંદ છે તેનાથી વિપરીત આત્માનો અજોડ-સિદ્ધ જેવો આનંદ તેને નહિ પામતો મિથ્યાદૃષ્ટિ સંસારમાં પરિભ્રમણ કરે છે.

સ્થાવર એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના શરીર અને ત્રસ એટલે બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, નારકી, પશુ, અને મનુષ્યના શરીર અને તેમાં ત્રણ પ્રકારના લિંગ અને તેની વાસનાને અજ્ઞાની જીવ પોતે જ રચે છે. અરે, પોતાના અવેદ-નિર્વિકારી સ્વભાવના સ્વાદને નહિ પામતો અજ્ઞાની વિકારી વાસના અને સ્ત્રી, પુરુષ, નપુંસકના લિંગોને પ્રાપ્ત કરે છે. આત્માના આનંદના સ્વાદનાં અભાવમાં વિકારીના-દુઃખોના સ્વાદથી આ બધા લિંગો એને પ્રાપ્ત થાય છે.

લોકો કહે છે કે સ્ત્રીવેદ કરતાં પુરુષવેદ બહુ સારો છે. એમાં દાખલો આપે કે

ચક્રવર્તીની રાણી કરતાં કૂતરો વધારે પુણ્યવંત છે કેમ કે તે પુરુષલિંગ છે ને! અરે! આવી વાતના બીજા વખાણ કરે પણ અહીં કહે છે ભગવાન આત્મા પોતાના આનંદના સ્વાદને અણપામતો—નહિ પામતો આવા લિંગને પામે છે માટે તે એકેય લિંગ સારું નથી. પુરુષલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના સ્વાદ લેવા જાય છે તે બધાંય એક સરખા મિથ્યાદૃષ્ટિ છે.

આહાહા...! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદને નહિ પામતા, ઊંધી શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા જે કર્મો બાંધ્યા તેનાથી આ લિંગો મળ્યા અને વળી તે લિંગોમાં સ્વાદ લેવા મથે છે તે નવા લિંગો મળવાના કારણને સેવી રહ્યાં છે. આ રીતે મિથ્યાદૃષ્ટિ જ આ શરીરોરૂપી જગતને રચે છે. તેને મોક્ષની-છૂટવાની રીતની ખબર જ નથી. સમકિતી ચક્રવર્તી ૯૬૦૦૦ રાણીના ભોગમાં પડ્યો હોવા છતાં ભોગના સ્વાદને ઝેર માને છે, દુઃખ માને છે. પોતાના આનંદના સ્વાદની મીઠાશ આગળ સમકિતી અશુભભાવને દુઃખદાયક, ઝેર, આવી પડેલો મોટો ઉપસર્ગ માને છે. જાણે ગરમ કરેલા લોઢાના ધગધગતાં બાણ વાગતાં હોય એમ જ્ઞાનીને ભોગમાં દુઃખ લાગે છે, અને મૂઢ મિથ્યાદૃષ્ટિને તો ભોગમાં મીઠાશ વેદાય છે એટલે મીઠાશમાં ખેંચાઈને, મિથ્યાત્વભાવથી વેદતો અનંતા નવા લિંગો અને ત્રસ-સ્થાવરના શરીરોને ઉત્પન્ન કરે છે. માટે એ જગતનો કર્તા આત્મા પોતે છે.

આ પરમાત્મપ્રકાશમાં પણ એક એક ગાથા દીઠ જુદી-જુદી જાતની વાત કરી છે.

વિવિધ પ્રકારના ત્રસ, સ્થાવર શરીરો અને લિંગોરૂપ આ જગતનો કરનાર અન્ય કોઈ ઈશ્વર નથી પણ પોતાના અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વભાવને ભૂલેલો મિથ્યાદૃષ્ટિ જીવ જ દુઃખદાયક અશુદ્ધ પરિણતી વડે તેને ઉત્પન્ન કરે છે. માટે તેને ટાળનારો પણ પોતે જ છે. બીજા કોઈની કૃપાથી તેનો નાશ થાય એમ બનતું નથી.

આ આત્મા જ પરમાત્માની પ્રાપ્તિના શત્રુ એવા ત્રણ વેદો દ્વારા ઉત્પન્ન થયેલી, રાગાદિ વિકલ્પ જાળને નિર્વિકલ્પસમાધિ વડે જે સમયે નાશ કરે છે તે સમયે ઉપાદેયરૂપ મોક્ષસુખનું કારણ હોવાથી પોતે જ ઉપાદેય થઈ જાય છે.

જીવ જ્યારે પોતાની નિર્વિકલ્પસમાધિ એટલે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી રાગાદિ વિકારનો નાશ કરે છે ત્યારે ઉપાદેયભૂત મોક્ષસુખનું તે કારણ હોવાથી આત્મા ઉપાદેય બની જાય છે—અંગીકાર કરવા લાયક થઈ જાય છે. એટલે શું કહ્યું?—કે આત્માની શાંતિ પ્રગટ થઈ ત્યારે-તે કાળે આત્મા અને આત્મા ી શાંતિ ઉપાદેય છે. તે પહેલાં તો દૃષ્ટિમાં રાગાદિ વિકાર જ ઉપાદેય હતો.

આત્મા ઉપાદેય થયો ક્યારે કહેવાય?—કે માત્ર શ્રદ્ધા કરી લે કે 'આ આત્મા છે' તેનાથી આત્મા ઉપાદેય થયો ન કહેવાય પણ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ દ્વારા અશુદ્ધતાનો નાશ કરે અને શુદ્ધતા દ્વારા આત્માનો આદર કરે ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાય.

આત્મા પરમાનંદની મૂર્તિ છે એવી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થાય ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાય. કેમ કે તે પહેલાં તો દૃષ્ટિમાં વિકાર ઉપાદેય હતો. જ્યાં રાગ અને પુણ્યના વિકલ્પનો આદર હોય ત્યાં આત્માનો આદર ન હોઈ શકે. બન્ને વિરુદ્ધ તત્ત્વોનો આદર એકસાથે ન હોય.

આહાહા...! પરમાત્મપ્રકાશે બહુ ટૂંકી અને ઊંચી વાત કરી છે. ૪૦ ગાથા પૂરી થઈ. હવે ૪૧મી ગાથામાં જે પરમાત્માના કેવળજ્ઞાનરૂપ પ્રકાશમાં જગત વસી રહ્યું છે અને જગતની મધ્યમાં પોતે ઊભો છે છતાં જગતરૂપ થતો નથી એ વાત કહે છે.

ચૈતન્યસૂર્ય ભગવાન લસલસતા જ્ઞાનપ્રકાશથી ભર્યો છે પણ કોઈ દિ' નજરું કરી નહિ, તેનો વિશ્વાસ લાવ્યો નહિ, સામું જોવા પણ નવરો થયો નહિ. એ જ આત્માના કેવળજ્ઞાનરૂપ પ્રકાશમાં આખું જગત વસે છે. આત્મા જગતમાં કોઈનું કાંઈ કરનાર નથી પણ બધાનો જાણનારરૂપે પોતે રહેલો છે.

એક વિકલ્પથી માંડીને કાંઈ પણ કરવાપણું આત્મામાં બિલકુલ નથી પણ જાણવાની અપેક્ષાએ આખું લોકાલોક તેના જ્ઞાનમાં વસે છે. સ્વપર–પ્રકાશક સામર્થ્યમાં બધાને જાણવારૂપ આત્માની શક્તિ છે.

આત્માના જ્ઞાનપ્રકાશમાં જાણે આખું જગત અંદર આવી ગયું હોય તેમ પ્રતિભાસે છે અને આખા જગતમાં પોતે વ્યાપી ગયો છે છતાં આત્મા જગતની કોઈ ચીજને કે રાગાદિને કદી અડતો નથી. આત્મા જ્ઞાતા છે અને જગત જ્ઞેય છે એટલે શું?—જ્ઞાનસ્વરૂપ ચૈતન્યગોળો પોતે જાણનાર છે અને વિકલ્પથી માંડીને આખું જગત જ્ઞેય છે. એટલે જાણવાની અપેક્ષાએ આખું જગત જ્ઞાનમાં વસે છે અને પોતે જગતમાં વસે છે છતાં જગતને બિલકુલ અડતો નથી.

અરે, જ્ઞાતા ભગવાન અત્યારે પણ પુણ્ય-પાપના રાગને બિલકુલ અડતો નથી. એણે માન્યતા ઊંધી કરી છે પણ વિકલ્પરૂપે થઈ ગયો નથી. ઘરમાં કાચના ગોળા લટકતા હોય ને? તેમાં ઘરના બારી-બારણા આદિ જે ચીજ જેમ હોય તેમ દેખાય છે

ને! તેમ ચૌદ બ્રહ્માંડરૂપી ઘરમાં ચૈતન્યગોળો નિરાલંબી કર્મ અને શરીરના આધાર વિના અદ્ધર લટકી રહ્યો છે તેમાં ચૌદ બ્રહ્માંડ દેખાય છે પણ એણે કોઈ દિ' નજર કરી નથી. આંધળો થઈને ફરે છે.

આવો આત્મા ક્યાં બેઠો હશે? એમ શંકા કરે છે તે પોતે જ ચૈતન્ય આત્મા સ્વરૂપમાં બેઠો છે. જુઓ! આ જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાયમાં શરીર જણાય છે કે નહિ? રાગ જણાય છે કે નહિ? બાયડી, છોકરાં જણાય છે ને! ભૂતકાળમાં આમ હતું, ભવિષ્યમાં આમ થશે એ બધું જણાય છે ને! તો એમ આ જ્ઞાનમાં તેનું જગત જણાય છે અને જગતમાં પોતે વ્યાપી ગયો દેખાય છે પણ જીવ તે રાગાદિ વિકારને, શરીરને કે સંયોગોને અડ્યો જ નથી.

ધીમેથી વિચાર કરો કે આ જ્ઞાનપર્યાય આ બધું જાણે છે કે નહિ?—આ હું અનાદિનો છું, સંયોગ અનાદિના છે, આ રાગ છે, કર્મ છે, રખડનારા જીવો છે, ભવિષ્યમાં આમ રખડશે એ બધું જ્ઞાન, પર્યાયમાં વર્તે છે કે નહિ? હા વર્તે છે. એવો જ આ જ્ઞાનસ્વભાવ છે કે તે સર્વને જાણે-દેખે છે. એ જ્ઞાનસ્વભાવમાં જ પોતે બેઠો છે પણ ભ્રમણામાં એમ માને છે કે હું રાગ અન શરીરમાં બેઠો છું. એ ભ્રમણા મિથ્યાત્વ છે.

આ તો રોટલાનો ગરભલો કાઢીને અપાય છે ભાઈ! માતા બાળકને બાજરાના ઝીણા લોટનો પોચો રોટલો બનાવીને તેમાંથી પણ વચલો ગરભલો કાઢીને તેમાં ઘી, ગોળ નાંખીને આપે છે ને! તેમ આ તત્ત્વોનો માલ કાઢીને અપાય છે તો કહે હવે અમને ખવરાવો. ભાઈ! ખાવું તો તારે પડે ને!

ભગવાન આત્મા અસ્તિ છે ને! એક તરફ પોતે પરમાત્મા છે અને બીજી તરફ આખું જગત છે તેને પોતે જ્ઞાનમાં જાણે છે પણ કદી તે રાગને, વિકલ્પને કે શરીરને સ્પર્શતો નથી. કેમ કે વસ્તુસ્વભાવ રાગ અને વિકારને કદી સ્પર્શે જ નહિ.

ચૈતન્યમૂર્તિ અરૂપી જ્ઞાનગોળો શરીરરૂપે કે રાગરૂપે થયો જ નથી તો છૂટો કેમ પડશે? એ સવાલ જ નથી.

મુમુક્ષુ :—આ શરીરમાં મને દુઃખાવો થાય છે તેનું શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ દુઃખાવો અજ્ઞાનને લઈને છે, શરીરના કારણે નથી. દુઃખાવાનું જીવને જ્ઞાન થાય છે પણ ભ્રમણાથી આ દુઃખાવો મને છે અને તેનાથી મને દુઃખ છે એમ એ માને છે. શરીરમાં છરો લાગે અને મને કાંઈ ન થાય?—

છેરો વાગે એ વખતે તેનું જ્ઞાન વર્તે છે. જ્ઞાનની અનુભૂતિ થાય છે પણ એમ ન માનતાં આ મને થાય છે ને મારામાં તે ઘૂસી ગયો છે એવી માન્યતા જ તેના જગતને ઉત્પન્ન કરે છે. અરે, પ્રભુ! આ ચૈતન્યગોળો જ્ઞાન કરનાર છે!...જ્ઞાન કરનાર છે પણ રાગ અને પરનો કરનાર એ નથી.

આ રીતે પોતાને જાણનાર નહિ માનતાં કરનાર અને ભોગવનાર માને છે તે ભ્રમણા જ તેના નવા નવા શરીરરૂપ સંસારને ઊભો કરે છે.

ભાઈ! સ્વ અને પર એ બે અસ્તિત્વ છે. તેમાં એક તું અને બીજું આખું જગત છે. તે બંનેનું જ્ઞાન કરનારો તું છો પણ તેમાં તું અને તારામાં તે રહે કે તેના કામ તું કર, તારામાં તેનું અસ્તિત્વ આવે અને તેના અસ્તિત્વમાં તારું હોવાપણું જાય એમ કદી બને નહિ. છતાં આ બધાં મારાં છે એવી ભ્રમણા કોણે ઊભી કરી?—કે પોતે હરખસનેપાતમાં આવી ભ્રમણા ઊભી કરી છે.

શ્રોતા :—કેટલા ભવની આ ભ્રમણા ચાલી આવી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કેટલા ભવની શું? એક જ સમયમાં આ ભ્રમણા છે. એક તરફ આખો ચૈતન્યગોળો સ્વ-પર પ્રકાશની મૂર્તિ, આનંદકંદ પ્રભુ પોતે શાંતિ અને આનંદની શિલા છે અને એક તરફ વિકલ્પથી માંડીને બધી ચીજ છે. એક સમયની પર્યાયમાં એમ માન્યું છે કે આ વિકલ્પ આદિ બધાં મારાં છે. હવે જો એક સમયમાં જ એમ માને કે આ મારા નહિ અને મારો તો આ જ્ઞાયક તે હું છું. બસ ભ્રમણા દૂર થઈ જાય છે.

આંખ અગ્નિ, બરફ આદિ બધાં રૂપી પદાર્થોને દેખે છે તો શું અગ્નિને દેખતાં આંખ ગરમ થાય છે? બરફને દેખતાં આંખ ઠંડી થઈ જાય છે? તેમ જ્ઞાનનેત્ર-આત્મા જગતને દેખે છે તો શું એ જગતરૂપ થઈ જાય? રાગ, કર્મ અને શરીરાદિને જાણનારો આત્મા બધાંથી જુદો વર્તે છે તેને હે શિષ્ય! તું પરમાત્મા જાણ, બીજો કોઈ તારાથી જુદો પરમાત્મા તારા માટે નથી.

અરે, પણ એણે પોતાને પામર માની રાખ્યો છે ને! એટલે પાંચ પૈસા ઘરમાં વધે ત્યાં તો લાપસીના આંધણ મૂકાય. કાંઈક નવી વસ્તુ ઘરમાં વસાવે ત્યાં રાજી થાય કે આપણું મહેમાનવાળું ઘર રહ્યું ઘરમાં બધું હોય તો માંગવા જવું ન પડે પણ શું ભાઈ! મૂર્ખાઈનું પ્રદર્શન તારે કેટલું કરવું છે? તારું તો જ્ઞાન છે. તે જ્ઞાનમાં શું નથી કે તારે ક્યાંયથી મેળવવું છે? આ તો અગમ-નિગમની વાતો છે.

અહો! ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદસ્વરૂપને એકવાર તો નિહાળ! ભ્રમણાની લાળમાં

ક્યાં સુધી લંબાવું છે? સવારે યાદ આવ્યું કે શ્રીમદ્માં એક જગ્યાએ વાંચવામાં આવ્યું હતું—'આવા આત્માને વિકલ્પથી દુભાવશો નહિ...' વિકલ્પમાં આત્મા દુભાય છે એવું ભાન નથી તેને વિકલ્પમાં આનંદ ભાસે છે. શુભાશુભ વિકલ્પમાં એને પોતાનું હોવાપણું ભાસે છે. શુભાશુભ વિકલ્પથી ભિન્ન એના જાણનારને જોતાં તે વિકલ્પના સ્પર્શથી રહિત છે. તેને વિકલ્પવાળો માનવો તેમાં આત્મા દુભાય છે, આત્માની શાંતિ હણાય છે તેના બદલે તેમાં મજા માને છે હવે આ ભૂલ કેમ ટળે!

શુભાશુભ વિકલ્પથી પૃથક્ રહીને તેને જાણવાનો સ્વભાવ છે તેના બદલે એ વિકલ્પથી મને ઠીક છે એમ માને છે, તેનાથી મને સમાધાન છે એમ માનનાર પોતાની શ્રદ્ધાથી આત્માની શાંતિને હણી નાંખે છે સમજાણું કાંઈ!

ભાવાર્થ:—જે શુદ્ધ, બુદ્ધ, સર્વવ્યાપક, બધાંથી અલિપ્ત શુદ્ધાત્મા છે તેનું વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઈને ધ્યાન કર. જે શુદ્ધ એટલે નિર્મળ, બુદ્ધ એટલે જ્ઞાનની મૂર્તિ, સર્વવ્યાપક એટલે સર્વનો જાણનાર, રાગાદિ બધાથી અલિપ્ત શુદ્ધાત્મા છે તેનું વિકાર વિનાની શાંતિ દ્વારા ધ્યાન કર. કેમ કે જેનું લક્ષ કરવું છે તેમાં વિકાર નથી તેથી વિકાર સહિત તેનું ધ્યાન ન થાય.

લોકોને એમ થાય કે તપસ્યાથી ધર્મ થાય. ભાઈ! ધ્યાન એ જ તપ છે. અંતરમાં ભગવાન આત્મામાં અંતરધ્યાનની દશાથી લીન થાય એ જ ધ્યાન, એ જ તપ, એ જ સંવર, નિર્જરા છે. આ બધું એની ધ્યાનની પર્યાયમાં વર્તે છે.

આ સત્ય સ્વરૂપ સાંભળે તો ખબર પડે ને! કાંઈક કરવું...કરવું થાય છે પણ જાણનારમાં કરવું એ તો એને દુભાવવા બરાબર છે. ભૂમિકા પ્રમાણે રાગ હોય છે એ બરાબર છે, તેની ના નથી પણ આવો રાગ હોય તો ધર્મ થાય એમ નથી.

આ તો અગમ-નિગમની વાત બાપા! તારાં લેખા તો કેવળી જાણે છે અને તું જાણ ત્યારે તેને ખબર પડે. કેવડો મોટો મહાન પ્રભુ છો કે વીતરાગની વાણીમાં પણ પૂરો વર્ણવી શકાતો નથી, શક્તિરૂપે તો આવો શુદ્ધ, બુદ્ધ સ્વભાવ કારણસમયસાર છે પણ તેમાંથી કાર્યસમયસાર કેવી રીતે થાય? કે—શુદ્ધ ચૈતન્યદળની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગ સ્વસંવેદન દ્વારા કાર્યસમયસાર થાય છે.

જોયું? રાગથી કે વ્યવહારથી જ્ઞાન નહિ પણ જ્ઞાનથી જ્ઞાન...જ્ઞાનથી જ્ઞાનનું વેદન તે મુક્તિનું કારણ છે. માટે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનરૂપ નિજભાવ જ ઉપાદેય છે. મુક્તિનું કારણ એવો મુક્તિમાર્ગ જ આત્માને ઉપાદેય છે કે જેના કાર્યમાં કાર્યસમયસાર પ્રગટ થાય છે. (ક્રમશઃ) —o—

# કેવળીના વિરહ ભુલાવનારું સમયસાર

[ શ્રી નાટક સમયસારજી ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫ )

પં. બનારસીદાસજી કૃત શ્રી નાટક સમયસાર શાસ્ત્રની ઉત્થાનિકાનો આ ૧૩ મો શ્લોક ચાલે છે.

जैसौं काहू रतनसौं बींध्यौ है रतन कोऊ,
तामैं सूत रेसमकी डोरी पोई गई है।
तैसैं बुध टीकाकारि नाटक सुगम कीनौ,
तापरि अलपबुद्धि सूधी परिनई है॥
जैसैं काहू देसके पुरुष जैसी भाषा कहैं,
तैसी तिनिहूंके बालकनि सीख लई है।
तैसें ज्यौं गरंथकौ अरथ कह्यौ गुरु त्यौंहि,
हमारी मति कहिवेकौं सावधान भई है॥१३॥

જેમ કોઈએ હીરાની કણીથી રતનમાં છિદ્ર કરી રાખ્યું હોય તો તેમાં રેશમનો દોરો પરોવી દેવાય છે, તેમ વિદ્વાન સ્વામી અમૃતચંદ્ર આચાર્યદેવે ટીકા કરીને સમયસાર સરળ કરી દીધું છે. તેમાં વળી અમૃતચંદ્ર આચાર્યદેવે કળશો લખ્યા અને તેના ઉપર ટીકા કરીને રાજમલ્લજીએ પણ સમયસારને ઘણું સરળ કરી દીધું છે. તેથી મારા જેવા અલ્પબુદ્ધિને સમજમાં આવી ગયું.

રતનમાં કાણું કરેલું હોય તો દોરો પરોવવો સહેલો થઈ જાય. તેમ અમૃતચંદ્ર-આચાર્યદેવ અને રાજમલ્લજીએ સમયસારને સરળ કરી દીધું છે. તેથી મારી અલ્પબુદ્ધિમાં તે સમજાય ગયું છે—મારી અલ્પબુદ્ધિ સમ્યક્ બની છે.

જેમ જે દેશમાં જેવી ભાષા બોલાતી હોય તેવી બાળક શીખી લે છે તેમ મને ગુરુપરંપરાથી જેવું અર્થજ્ઞાન થયું છે તેવું જ કહેવા માટે મારી બુદ્ધિ તત્પર બની છે. ભરતક્ષેત્રનું અદ્વિતીયનેત્ર એવું આ અજોડ....અજોડ સમયસાર તેને ગુરુઓએ સરળ બનાવી દીધું તેથી જ્ઞાનમાં સમજાયું અને ગુરુએ કહ્યું તેવી ભાષા પણ અમે શીખી લીધી છે અને તે પ્રમાણે કહેવાને તત્પર થયો છું.

હવે કવિ કહે છે કે ભગવાનની ભક્તિથી અમને બુદ્ધિબળ પ્રાપ્ત થયું છે. જુઓ અહીં ભગવાનની ભક્તિ કહેતાં સાથે આત્માની ભક્તિ આવી જાય છે પણ નિર્માનતાથી બોલાય એમ કે ભગવાનની ભક્તિથી બુદ્ધિબળ મળ્યું, તીર્થંકર પરમદેવ સર્વજ્ઞની ભક્તિથી મારી બુદ્ધિ સમ્યક્ બની છે એમ જ કહેવાય. પણ, ભક્તિ સાચી ક્યારે કહેવાય કે જ્યારે ચૈતન્યને ઓળખીને તેની ભક્તિ જાગે ત્યારે જ ભગવાનની ભક્તિને વ્યવહારાભક્તિ કહેવાય.

कबहू सुमति व्है कुमतिको विनाश करै,
कबहू विमल जोति अन्तर जगति है ।
कबहू दया व्है चित्त करत दयालरूप,
कबहू सुलालसा व्है लोचन लगति है ॥
कबहू आरती व्है कै प्रभु सनमुख आवै,
कबहू सुभारती व्है बाहरि बगति है ।
धरै दसा जैसी तब करै रीति तैसी ऐसी,
हिरदै हमारै भगवन्तकी भगति है ॥ १४ ॥

અમારા હૃદયમાં ભગવાનની એવી ભક્તિ છે કે કોઈવાર તો સુબુદ્ધિ થઈને કુબુદ્ધિને દૂર કરે છે. સમ્યગ્જ્ઞાન દ્વારા અજ્ઞાનનો નાશ થાય છે. સ્વસન્મુખ થતાં અંતરમાં ચૈતન્યનો પ્રકાશ થાય છે. સર્વજ્ઞની ભક્તિ આવતાં 'હું પણ સર્વજ્ઞસ્વભાવી છું' અને સર્વજ્ઞ થવાને લાયક છું એવી ચૈતન્યજ્યોત અંતરથી જાગે છે.

કોઈવાર ચિત્ત દયાળુ બની જાય છે એટલે ભક્તિમાં કષાયની મંદતાથી બધાં પ્રાણી પ્રત્યે કરુણા જાગે છે. બધાં પ્રત્યે અવિરોધભાવ આવે છે.

ભગવાનની ભક્તિ કરતાં કોઈવાર અનુભવની એવી પિપાસા જાગે છે કે આંખો સ્થિર થઈ જાય છે. નેત્ર ઠરી જાય છે. જ્ઞાનચક્ષુ દ્વારા અંતરમાં સર્વજ્ઞસ્વભાવને જોતાં જ્ઞાનચક્ષુ સ્વભાવમાં ઠરી જાય છે. અહો! ભગવાન સર્વજ્ઞ છે તેમ હું પણ સર્વજ્ઞ-સ્વભાવી છું.

આ તો અધ્યાત્મ કવિ છે અને અધ્યાત્મના ગ્રંથના અર્થ થાય છે તેથી અધ્યાત્મ જ અંદરમાંથી નીકળે છે. આગળ આવશે, 'શુદ્ધતા વિચારે, ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે અમૃતધારા વરસે...' શુભપરિણામ દયા-દાનાદિના રાગ તે તો કષાય છે. શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ આત્મા તેનાથી રહિત છે.

પ્રવચનસારમાં આવે છે ને, જે કોઈ અરિહંત ભગવાનના દ્રવ્યને, તેની શક્તિને અને દશાને જાણે તે પોતાના અંતરમાં વળીને મોહનો ક્ષય કરે છે, સર્વજ્ઞસ્વભાવની દૃષ્ટિ

થતાં રાગની એકતા તૂટી જાય છે. પછી બહારમાં જેટલો વિકલ્પ રહે છે તેમાં મંદકષાય થાય છે અને અશુભભાવ ટળે છે.

'**कबहू आरती व्है कै प्रभु सन्मुख आवै**' તેના પણ બે અર્થ થાય છે. અંતરમાં પ્રભુ સન્મુખ આરતી એટલે પ્રેમ થતાં પ્રભુ સન્મુખ ગતિ જાય છે અને બહારમાં ભગવાનની સન્મુખ આરતી ઉતારવાનો વિકલ્પ આવે છે. પહેલાંના જમાનામાં રાજા બહારગામથી આવે ત્યાં તેની આરતી ઉતારતાં. તેની પાછળ ભાવ એ કે અમે તમને વારી જઈએ છીએ. પણ એ નાશવાન પદને શું વારી જવું? અવિનાશી ચૈતન્યપદનું રાજ સ્વીકારીને તેને વારી જાય તો અંતરમાં શાંતિ અને વીતરાગતાની જાગૃતિ થાય તેનું નામ પ્રભુની સન્મુખ થઈને આરતી કરી કહેવામાં આવે છે.

લોકો ઘીની આદિ ઊંચી ચીજથી ભગવાનની આરતી ઉતારે છે ને! અહીં ઊંચી ચીજ–સમ્યગ્દર્શન–જ્ઞાનથી ભગવાન આત્માની આરતી ઉતારે છે એટલે દૃષ્ટિ પણ પ્રભુ સન્મુખ સ્થિર થાય છે અને લીનતા પણ ત્યાં થાય છે અને બહારમાં પ્રભુ સન્મુખ લક્ષ જતાં બીજુ બધું લક્ષ છૂટી જાય છે.

કોઈવાર તીર્થંકર ત્રિલોકીનાથની સુંદર વચનો દ્વારા સ્તુતિ કરે છે. ગણધરદેવ પણ પ્રભુની સ્તુતિ કરે છે અને ઇન્દ્ર પણ એક હજાર આઠ નામો વડે પ્રભુની સ્તુતિ કરે છે, બીજા સામાન્ય સંતો આદિ પણ ભગવાનની સ્તુતિ કરે છે.

બનારસીદાસજીએ પણ સુંદર સ્તુતિ રચી છે. બનારસીદાસજી ગૃહસ્થાશ્રમમાં હતાં પણ જબ્બર કવિ અને જ્ઞાની થઈ ગયા. સંસાર ઉપરથી તેમને દૃષ્ટિ ઉડી ગઈ હતી. આસક્તિનો ભાવ હોય તેને પણ જ્ઞાની ઉપાધિ જાણીને ત્યાગવા ચાહે છે.

બહારમાં ભક્તિના ભાવ જાગે ત્યારે પ્રભુની ભક્તિ કરે છે અને અંતરમાં ભક્તિ જાગે ત્યારે અંતરમાં ઠરી જાય છે. આમ જ્યારે જેવા ભાવ જાગે તે પ્રમાણે ક્રિયા કરે છે. '**हिरदै हमारै भगवन्तकी भगति है।**' જેણે એક સમયમાં ત્રણકાળને જ્ઞાનમાં લઈ લીધા છે એ ભગવાનના જ્ઞાનની મહિમા કેટલી! કેવડું મોટું જ્ઞાન! આવા અનંત ગુણના ધણી–ભગવાનની ભક્તિ અમારાં હૃદયમાં વસેલી છે.

શ્રીમદ્‌માં આવે છે કે 'સર્વજ્ઞદેવ પરમગુરુ'ની માળા ફેરવવી. એક માળામાં બંને સમાવી દીધા છે. સર્વજ્ઞશક્તિની દિવ્યતા જેને પ્રગટી તે જ પરમગુરુ છે એમ જેને અંતરમાં ભાન થાય છે તેને આત્માની સન્મુખતા થાય છે અને શાંતિ વળે છે.

હવે કવિ નાટક સમયસારના મહિમાનું વર્ણન કરે છે કે આ શાસ્ત્ર તો મોક્ષમાં જવા માટેનું શુકન છે.

मोख चलिवेको सौन करमको करै बौन,
जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।
गुनको गरन्थ निरगुनको सुगम पन्थ,
जाकौ जसु कहत सुरेश अकुलत है।
याहीके जु पच्छी ते उड़त ग्यानगगनमें,
याहीके विपच्छी जगजालमें रुलत है।
हाटकसौ विमल विराटकसौ विसतार,
नाटक सुनत हिये फाटक खुलत है ॥१५॥

આ સમયસાર શાસ્ત્ર ભરતક્ષેત્રના ભક્તોને કેવળીના વિરહ ભુલાવે તેવું શાસ્ત્ર છે મોક્ષમાં ચાલવા માટે પ્રથમ શુકન છે કે તમને સમયસારનો પક્ષ આવ્યો તો હવે તમારો મોક્ષ તૈયાર છે. દ્રવ્ય અને ભાવે સમયસાર અલૌકિક છે. મોક્ષમાં જવા માટેની સીડી છે. કેવળીની જ આ સીધી આવેલી વાણી છે. આ સમયસાર સાંભળવા મળ્યું તેને મોક્ષ જવા માટેના શુકન થઈ ગયા.

આ સમયસાર વિકારનું વમન કરાવનાર છે, કર્મનો નાશ કરાવનારું છે. એવું અલૌકિક શાસ્ત્ર છે કે તેનું વાચ્ય એવો આત્મા જેના લક્ષમાં આવ્યો તેને મોક્ષના શુકન થઈ ગયા અને મોક્ષમાં ચડવાની સીડી-પૂર્ણાનંદ પ્રાપ્તિની શ્રેણી મળી ગઈ. ભાવમાં જેને આ સમયસાર પ્રાપ્ત થયું છે તેને અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે અને વિકારનું તો વમન થઈ જાય છે. વમનનો અર્થ એ છે કે જે વમી નાખ્યું તેને કોઈ ફરી પાછું લેતું નથી. તેમ વિકારને જે વમી નાખે છે તેને ફરી લેતો નથી એવો અર્થ આમાંથી નીકળે છે. આહાહા....!

અહા....! જેને ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદના રત્નાકરનું શ્રવણ મળ્યું અને શ્રવણ કરીને આત્માની સન્મુખ દૃષ્ટિ કરી-રુચિ કરી તેણે કર્મના વિકારને તો વમી નાખ્યાં અને અતીન્દ્રિય આનંદની શ્રેણીએ ચડવા માંડયો. કોઈને એમ પ્રશ્ન થાય કે આ પંચમકાળ છે તેમાં મોક્ષ માટે શું થઈ શકે? શું ઉપાય? તો કહે છે આ સમયસાર મળ્યું એટલે એના મોક્ષના શુકન થઈ ગયાં અને તેની શ્રેણીએ ચાલવા પણ લાગ્યો.

સમયસારની એક એક ગાથા અને ટીકામાં અહા! સતના રહસ્ય ભર્યા છે, અમૃતના ઘૂંટડા ભર્યા છે. તેના રસમાં જેમ પાણીમાં મીઠું ઓગળી જાય તેમ સમયસારના રસમાં વિદ્વાનો એકાકાર થઈ જાય છે. આ અધ્યાત્મના કવિ પણ ટૂંકામાં, ઓછી ઉપમા આપીને પણ કેટલું બધું સમજાવી દે છે! પાણીમાં જેમ મીઠું ઓગળી જાય છે-એકમેક થઈ જાય છે તેમ જ્ઞાનીની આનંદદશા આત્મામાં એકમેક થઈ જાય છે. બુધ એટલે સમયસારના

વાસ્તવિક તત્ત્વને સમજનારા જ્ઞાનની વર્તમાનદશા અંતરમાં લીન થઈ જાય છે ત્યારે જ તેને સમયસાર મળ્યું કહેવાય છે.

સમયસાર '**गुनको गरन्थ**' છે એટલે સમયસાર નામ આત્મા અનંત ગુણનો ગાંઠડો છે. સમ્યગ્દર્શનાદિ ગુણોનો પિંડ છે. જેમાં વિકારી ગુણો નથી એવી નિરગુણ-મુક્તિનો સુગમ પંથ છે. ભગવાન શુદ્ધ આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે એવું જેને અંતરમાં ભાન થયું તેને તો મોક્ષનો સરળ રસ્તો હાથમાં આવી ગયો. અનંતકાળથી ક્રિયા કરીને દુઃખ વેઠીને મોક્ષ લેવા માટે હેરાન થઈ ગયો પણ મોક્ષ મળ્યો નહિ, તેને હવે આ સમયસારરૂપ સુગમ પંથ મળી ગયો. જે શુદ્ધાત્માને જોયો તેમાં રમવાની રીત હવે તેના હાથમાં આવી ગઈ.

ધવલમાં આવે છે ને! કે—સમકિતીએ મોક્ષનો માર્ગ જોઈ લીધો છે કે આ શુદ્ધાત્મા છે અને આ તેમાં લીન થવાનો માર્ગ છે. તેને હવે માર્ગે ચાલીને મોક્ષ પામવું સહેલું છે અને મિથ્યાદૃષ્ટિએ માર્ગ જોયો નથી તેથી તેને અઘરું લાગે છે.

સમયસારનો જશ ગાતાં ઇન્દ્ર અકળાય છે એટલે કે સમયસારની મહિમાનું વર્ણન કરતાં ઇન્દ્રો પણ લજ્જિત થાય છે કે નાના મોઢે હું મોટી વાત કરું છું! એવી આ ઊંચી વાત છે; તેને પંડિતોએ સુગમ કરીને આપણને આપી છે. બનારસીદાસ લખે છે કે '**पांडे राजमल्ल जिनधर्मी, समयसार नाटकके मर्मी, तिन ग्रन्थकी टीका कीनी, बालबोध सुगम कर दीनी।**' રાજમલ્લજી સમયસારના મર્મી હતાં. તેમણે કળશટીકા બનાવીને સાધારણ માણસ પણ સમજી શકે એવું સમયસારને સરળ બનાવી દીધું છે. એટલે જ કીધું કે આ કળશટીકાનું ગુજરાતી થાય તો બહુ સારૂ....'**घर घर नाटक कथा बखानी**' ઘરે ઘરે સમયસારની વાત થવા લાગી છે. થવી જ જોઈએ. આવો ઉત્તમ મનુષ્યદેહ પામ્યા છે, તો બાળકથી માંડીને બધાં જીવો આ સમજે તો તેનું હિત થાય તેવી વાત છે. અત્યારે તો આ સમયસારના પ્રચારનો યુગ છે.

સમયસાર એટલે શાસ્ત્ર-જિનવાણી અને આત્મા. તેની મહિમા કરતાં ઇન્દ્ર પણ અકળાય છે કે જેની મહિમાનું વર્ણન ગણધરદેવ પણ પૂરું કરી શકતાં નથી તેનું વર્ણન હું શું કરું? એવા આ સમયસારનો જે પક્ષ કરે છે તે જીવ જેમ પક્ષી ગગનમાં ઊડે છે તેમ જ્ઞાનગગનમાં ઊડીને ઊર્ધ્વમાં ચાલ્યો જાય છે.

શ્રોતા—આત્માનો અનુભવ કર્યા વગર ઊર્ધ્વ-મોક્ષમાં કેવી રીતે જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી—સમયસારનો પક્ષ આવ્યો તેનો અર્થ જ એ છે કે તેને આત્માનો અનુભવ થયો. રાગ અને પર્યાયની બુદ્ધિ હતી તે પડખું છોડીને જે આત્માના પડખે ચડયો તે

સમ્યગ્જ્ઞાનરૂપી ગગનમાં ઊડીને મોક્ષમાં ચાલ્યો જાય છે. પંખી આકાશમાં સહેજે સહેજે ઊડે છે તેને વચમાં પાણી, પર્વત, ઝાડ કે વંટોળિયા આદિ કાંઈ આડું આવતું નથી તેમ સમયસારના પક્ષરૂપી પાંખ જેને પ્રાપ્ત થઈ છે તેને મોક્ષના માર્ગે આગળ વધવામાં કોઈ વિઘ્ન આડા આવતાં નથી. અપાર જ્ઞાનગગનમાં તે આગળ વધી જાય છે અને જે સમયસારના વિપક્ષી છે તેઓ જગતની જંજાળમાં ફસાય છે—ચોરાશીના અવતારમાં રખડે છે.

દ્રવ્યે અને ભાવે જેને ૐકારનો પક્ષ આવ્યો છે, દ્રવ્યે એટલે શબ્દબ્રહ્મ અને ભાવે એટલે આત્માનો જેને પક્ષ થયો છે—અંતરથી ૐકાર આવ્યો છે—અંતરથી જાગ્યો છે તે જ્ઞાનગગનમાં ઊડે છે, તેની ગતિને કોઈ રોકી શકતું નથી અને એ રોકાવા માટે નીકળ્યો પણ નથી. તે તો અનંત અપરિમિત જ્ઞાનગગનમાં આગળ આગળ ઊડતો જાય છે અને આ સમયસારનો જેને પક્ષ થયો નથી એટલે તેનું લક્ષ જેને થયું નથી—તેમાં જે દક્ષ નથી, તેને સમયસાર પ્રત્યક્ષ થતું નથી તેથી તે જગતની જંજાળમાં ફસાય છે.

જેને હજી પોતાના ભવની શંકા હોય, હું ભવિ છું કે અભવિ તે ખબર ન હોય અને ભગવાન અને ભગવાનની વાણીની પરીક્ષા કરવા નીકળે તે પરીક્ષા કરી શકતો નથી, ભવરહિત ભગવાનને તે ઓળખી શકતો નથી અને ભગવાનના પક્ષે ચડયો છે તે તો પોતે જ્ઞાનગગનમાં ઊડીને કેવળજ્ઞાન પામી જાય છે.

આ ગ્રંથ શુદ્ધ સ્વર્ણ જેવો નિર્મળ છે. શ્રીમદ્ કહે છે ને, 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ....' દુનિયામાં ક્યાંય આ ચીજ નથી. વીતરાગની વાણી શુદ્ધ ચૈતન્યને બતાવનારી છે. તેને માટે કોઈ કહે કે આ વાણી ગૃહસ્થે ન વંચાય, સાધુને જ વંચાય માટે ગોપવી દ્યો.

અરે ભાઈ! આ ગોપવવાની ચીજ નથી. જે બહાર આવ્યું તે પાછું જાય નહિ. માતાના પેટમાંથી પુત્ર આવ્યો તે પાછો જાય ખરો? આ તત્ત્વ બહાર આવ્યું તે તો લોકોને ન્યાલ કરી દે તેવું છે. આ તત્ત્વ સાંભળતા જેને રુચિ અને દૃષ્ટિ થઈ તે સંસારથી નીકળી ગયો સમજો....રાગમાંથી નીકળીને તે સ્વભાવમાં આવી ગયો.

સમયસારનો વિસ્તાર વિરાટ છે. વિરાટ એટલે કેટલો? કે લોકાલોક જેટલો જેનો વિસ્તાર છે. કૃષ્ણે અર્જુનને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું હતું એમ ગીતામાં આવે છે તેમ આ સમયસારનો વિસ્તાર પણ વિરાટ છે. ગણધરદેવો પણ જેનો વિસ્તાર પૂરો કહી ન શકયા એટલું આમાં તત્ત્વ ભરેલું છે. નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ—આ સમયસારરૂપ નાટક જે સાંભળે છે તેના હૃદયરૂપી કપાટ ખુલી જાય છે. આડ તૂટીને વસ્તુસ્વરૂપ શું છે તે સમજાય જાય છે. સમજનારાને શું ન સમજાય? સમજનારો ન સમજે એમ બને નહિ. અહીં તો કહે છે સાંભળતા જ એના હૃદયના ફાટક ખુલી જાય છે.

હવે કવિ અનુભવનું વર્ણન કરે છે.

**कहौ सुद्ध निहचैकथा, कहौं सुद्ध विवहार ।**
**मुकतिपंथकारन कहौं, अनुभौकौ अधिकार ॥१६॥**

અનુભવના વર્ણનમાં અમે શુદ્ધ નિશ્ચયસ્વરૂપ પણ કહેશું અને સાથે વીતરાગ પરિણતિરૂપ વ્યવહાર કેવો હોય તે પણ કહેશું. અનુભવ એ જ મોક્ષપંથ છે તેનું વર્ણન અમે કરીશું.

અહા....! સારમાં સાર વાત આ છે. લાખો વાતો સાંભળે અને વિચારે પણ કરવાનું તો એક જ છે—આનંદસ્વરૂપ આત્માનો અનુભવ. આ અનુભવથી જીવની મોક્ષની ધારા ચાલે છે. તેથી જ છઢાળામાં કહ્યું છે ને, 'લાખ બાતકી બાત યહી નિશ્ચય ઉર આણો....' કવિના વર્ણન તો જુઓ! એને આનંદની ખુશાલી ફાટી નીકળી છે. અહા.... આ સમયસાર! આ વાણી! વીતરાગતાથી નીતરતું તત્ત્વ છે.

**वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम ।**
**रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम ॥१७॥**

ભગવાન આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપને વિચારતાં અને તેનું ધ્યાન કરતાં—તેમાં એકાગ્ર થતાં મન છૂટી જાય છે—વિશ્રામ પામે છે. રાગ રહિત—વિકલ્પ રહિત, નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુને ધ્યાવતા જે આત્મિકરસનો આસ્વાદ આવે—આનંદ પ્રાપ્ત થાય તેને અનુભવ કહેવામાં આવે છે.

નવતત્ત્વમાં આત્મતત્ત્વ કેવું છે તેની વાત ચાલે છે. નવમાં એક તો અજીવ છે અને આઠ પર્યાય છે. અખંડ અભેદ એકરૂપ આત્માનો અનુભવ કરતાં મન વિશ્રામ પામે છે અને ચિત્તમાં શાંતિ ઊપજે છે. એક તરફથી મન ઠરી જાય છે અને આમ ચિત્તમાં શાંતિ મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે. આ અનુભવનું સમયસારમાં વર્ણન કર્યું છે.

ભગવાન આત્મા ચૈતન્યરસનું ધામ છે. તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો એટલે આત્માના આનંદરસની પ્રાપ્તિ કરવી તેનું નામ ધર્મ છે, તેનું જ નામ અનુભવ છે, તેનું જ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. બાકી વિશેષ જાણપણું હો, ન હો, દુનિયાને સમજાવતાં આવડે કે ન આવડે તેની સાથે કાંઈ સંબંધ નથી.

**अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप ।**
**अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप ॥१८॥**

અનુભવ રતન છે રતન! એ શાંતિરસનો મોટો સિંધુ છે, મુક્તિનો મારગ અનુભવ છે અને અનુભવ જ મોક્ષસ્વરૂપ છે.

અનુભવ જ ખરું ચિંતામણિરત્ન છે. પદ્મનંદિમાં આવે છે કે ચિંતામણિરત્ન કલ્પવૃક્ષની વાતો સાંભળી છે પણ ક્યાંય જોયું નથી પણ અમારી પાસે તો અનુભવરૂપી ચિંતામણિરત્ન છે. તેમાંથી અમને આનંદ મળે છે. શાંતિરસનો કૂવો આ અનુભવ છે. મોક્ષનો મારગ પણ આ અનુભવ છે. શુભભાવ છે તે મોક્ષનો નથી. મોક્ષસ્વરૂપ પણ અનુભવ જ છે. [ક્રમ

—०—

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મભૂમિ

વર્ધમાનપુરી (વઢવાણ-શહેર)માં

## વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીના સમવસરણનો

## શિલાન્યાસ-મહોત્સવ

તા. ૨૬-૧-૯૧

અધ્યાત્મયુગપ્રવર્તક અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ ઉપકારમૂર્તિ પ્રશમરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલમય ઉપકારછાયામાં શ્રી મહાવીર કુંદકુંદ કહાન—અધ્યાત્મ-શુદ્ધામ્નાય-અનુયાયી વઢવાણ દિ. જૈન મુમુક્ષુ મંડળ દ્વારા વઢવાણ શહેરમાં વિદેહીનાથ શ્રી સીમંધર જિનવરના નિર્માણ આધીન ભવ્ય સમવસરણની મંગલ શિલાન્યાસવિધિ આગામી માઘ સુદ ૧૧, શનિવાર તા. ૨૬-૧-૯૧ના શુભ દિને પ્રાતઃ સમ્પન્ન થશે. આ અવસરે સ્વાધ્યાયમંદિરની દીવાલો પર 'બહેનશ્રીનાં વચનામૃત'નાં આરસનાં ધવલ શિલાપટ લગાડવાના આરંભની સુવિધિ પણ કરવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીના પવિત્ર જન્મ-ધામમાં ધર્મ-પ્રભાવનાના હેતુભૂત આ નિર્માણાધીન મંગલ કાર્ય માટે મુમુક્ષુ-સમાજમાં અત્યંત આનંદોલ્લાસ વર્તી રહ્યો છે.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ધર્મ એટલે વસ્તુનું સ્વરૂપ, તેને અનુસરીને વિચારણા ચાલે તેનું નામ ધર્મ અનુપ્રેક્ષા છે. યથાર્થ ધર્મ–અનુપ્રેક્ષા સમ્યગ્દષ્ટિને જ હોય છે. સમ્યગ્દર્શન પણ આત્માનો ધર્મ છે, તેની આ વ્યાખ્યા ચાલે છે. ધર્મ એટલે આત્માની વીતરાગી પર્યાય, સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય છે. ચોથા ગુણસ્થાનનું સમ્યગ્દર્શન તે પણ ખરેખર વીતરાગ છે, ચોથા ગુણસ્થાને પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર છે—ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક.

તેમાં ઉપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે કહે છેઃ—

सप्तानां प्रकृतीनां उपशमतः भवति उपशमं सम्यक्त्वम् ।
क्षयतः च भवति क्षायिकं केवलीमूले मनुषस्य ॥ ३०८ ॥

અર્થઃ—મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ એ સાત મોહકર્મની પ્રકૃતિઓનો ઉપશમ થતાં ઔપશમિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે, તથા એ સાતે મોહકર્મની પ્રકૃતિઓનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિક સમ્યક્ત્વ કેવળજ્ઞાની વા શ્રુતકેવળીના નિકટપણામાં કર્મભૂમિના મનુષ્યને જ ઊપજે છે. ૩૦૮.

અંતર સ્વભાવનું અવલંબન લેતાં મિથ્યાત્વાદિ પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થઈ જાય છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પાંચ પ્રકૃતિઓ જ હોય છે. સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ એ બે પ્રકૃતિ તેને હોતી નથી. તેથી પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન પામનાર જીવને પાંચ પ્રકૃતિઓનો જ ઉપશમ થાય છે. ત્યાં દર્શનમોહકર્મની પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય તેના કારણે થઈ જાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન પામવાની લાયકાતવાળા જીવને કેવળી કે શ્રુતકેવળીની નીકટતામાં જ ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે. જુઓ, અહીં નિમિત્ત કેવું હોય તેનું જ્ઞાન કરાવ્યું છે. કેવળી–ભગવાન પાસે તો લાખો સમકિતી બેઠા હોય, તે બધાં કાંઈ ક્ષાયિક સમ્યક્ત્વી નથી હોતા, જેની લાયકાત હોય તેને જ ક્ષાયિક સમકિત થાય છે ને તેને કેવળી–શ્રુતકેવળી નિમિત્ત કહેવાય છે. બીજા ઘણાં જીવો ક્ષયોપશમ સમકિતી છે. માટે કેવલી શ્રુતકેવળીના કારણે કાંઈ ક્ષાયિક સમકિત થતું નથી, પણ ક્ષાયિક સમકિત પ્રગટ કરવાની લાયકાતવાળો જીવ કેવલી–શ્રુતકેવળીની નિકટમાં જ

તેનો પ્રારંભ કરે છે. કર્મભૂમિના મનુષ્યને જ તેનો પ્રારંભ થાય છે. પછી તેની પૂર્ણતા સ્વર્ગાદિ ચારે ગતિમાં થાય છે.

ભાવાર્થ :—અહીં એમ જાણવું કે ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રારંભ તો કેવલી–શ્રુતકેવળીની નિકટતામાં કર્મભૂમિના મનુષ્યને જ થાય છે તથા તેની નિષ્ઠાપના (પૂર્ણતા) અન્ય ગતિમાં (ચારે ગતિમાંથી કોઈ એકમાં) પણ થાય છે.

હવે ક્ષયોપશમ સમ્યક્ત્વ કેવી રીતે થાય છે તેની વાત કરે છે—

अनुदयात् षण्णां स्वजातिरूपेण उदयमानानाम् ।
सम्यक्त्वकर्मोदये क्षायोपशमिकं भवेत् सम्यक्त्वम् ॥ ३०९ ॥

અર્થ:—પૂર્વોક્ત સાત પ્રકૃતિઓમાંથી છ પ્રકૃતિઓનો ઉદય ન હોય પણ સજાતીય પ્રકૃતિરૂપે તેનો ઉદય હોય તથા સમ્યક્કર્મપ્રકૃતિ ઉદય થતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે. ૩૦૯.

દર્શનમોહ અને ચારિત્રમોહ તે બંને સજાતીય છે. તેમાં અનંતાનુબંધીની પ્રકૃતિઓનો ઉદય ન હોય, પણ તે અપ્રત્યાખ્યાન વગેરે રૂપે થઈને ઉદયમાં આવે.

ભાવાર્થ :—મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વના ઉદયનો અભાવ હોય, સમ્યક્પ્રકૃતિનો ઉદય હોય, અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભના ઉદયનો અભાવ હોય તથા વિસંયોજન કરી અપ્રત્યાખ્યાનાવરણાદિરૂપથી ઉદયમાન હોય તે વેળા ક્ષયોપશમ સમ્યક્ત્વ ઊપજે છે. આ ત્રણે સમ્યક્ત્વની ઉત્પત્તિનું વિશેષ કથન શ્રી ગોમટ્ટસાર–લબ્ધિસારથી જાણવું.

જુઓ, આત્મામાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પરિણામ થાય ત્યાં સામે છ કર્મપ્રકૃતિમાં તેના કારણે આવી અનુદયરૂપ દશા હોય છે. કાંઈ આત્મા તેનો કર્તા નથી. બંનેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એવો છે પણ આત્માના કારણે કર્મની દશા થઈ એમ નથી. તેમ જ કર્મનો ઉદય અટકયો માટે આત્મામાં સમ્યક્ત્વ થયું એમ પણ નથી, અંતરંગમાં પોતાની સામગ્રી પરિપૂર્ણ થઈ ત્યાં સામે અનુકૂળ નિમિત્ત જ હોય, અહીં આત્માને સમ્યગ્દર્શન થાય ને સામે કર્મમાં અનંતાનુબંધીનો ઉદય પણ હોય જ નહીં એવો મેળ છે, પણ આત્મા કાંઈ કર્મનો કર્તા નથી. ચોથા–પાંચમાં વગેરે ગુણસ્થાને સમકિત મોહનીયનો ઉદય હોવા છતાં તેનું નવું બંધન થતું નથી, એવી જ જીવના પરિણામની યોગ્યતા છે. જુઓ, એકેન્દ્રિય જીવને એક સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે, વિશેષ હોતી નથી, પણ જ્યાં એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થાય છે ત્યાં પહેલાં જ સમયમાં અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે છે. તો તે કયાંથી બાંધી ? સામે નિમિત્તરૂપે તો એક સાગરથી વધુ સ્થિતિ છે જ નહીં છતાં અંતઃકોડાકોડી સાગરનું બંધન કઈ રીતે કર્યું ? કેમકે

જીવનો સ્વતંત્ર પુરુષાર્થ છે, એકેક સમયની પર્યાય સ્વતંત્ર છે. ઉદય પ્રમાણે જ પરિણામ થાય એમ નથી. વળી બારમા ગુણસ્થાને ભાવબંધ છે, પણ દ્રવ્યબંધ થતો નથી; પૂર્વે બંધાયેલાં કર્મો છે પણ નવા કર્મો બંધાતા નથી, હજી બારમા ગુણસ્થાને ભાવ મોક્ષ થયો નથી, જ્ઞાનાદિ ગુણો હીણારૂપે પરિણમે છે તેથી ભાવબંધ છે. પણ ત્યાં જ્ઞાનાવરણીય આદિ જડ કર્મનો બંધ થતો નથી, માટે જીવને કારણે પુદ્‌ગલકર્મ થયાં એમ નથી, તેમ જ પુદ્‌ગલકર્મને કારણે જીવના પરિણામ થયા એમ પણ નથી, જીવ પુદ્‌ગલ બંનેના સમયની પર્યાય સ્વતંત્ર છે.

આગળ ઔપશમિક ક્ષાયોપશમિક સમ્યક્‌ત્વ, અનંતાનુબંધીનું વિસંયોજન તથા દેશવ્રત એ ત્રણેનું પ્રાપ્ત થવું તથા છૂટી જવું ઉત્કૃષ્ટતાથી કહે છે:—

गृह्णाति मुञ्चति जीवः द्वे सम्यक्त्वे असंख्यवारान् ।
प्रथमकषायविनाशं देशव्रतं करोति उत्कृष्टम् ॥३१०॥

અર્થ:—ઔપશમિક-ક્ષાયોપશમિક એ બંને સમ્યક્‌ત્વ તથા અનંતાનુબંધીનો વિનાશ અર્થાત્ વિસંયોજન (એટલે તેને અપ્રત્યાખ્યાનાદિરૂપ પરિણમાવવું) અને દેશવ્રત એ ચારેને આ જીવ ઉત્કૃષ્ટ અસંખ્યાત વાર ગ્રહણ કરે છે તથા છોડે છે. ૩૧૦.

ઉપશમ સમ્યગ્દર્શન કોઈ જીવને અસંખ્યવાર આવે છે ને અસંખ્યવાર છૂટે છે. કોઈને ક્ષયોપશમ સમ્યક્‌ત્વ પણ અસંખ્યાતવાર આવે છે, કોઈ જીવને ક્ષયોપશમમાંથી ક્ષાયિક થઈ જાય, અસંખ્યવાર ઉપશમ સમ્યક્‌ત્વ વગેરે આવવાનું કહ્યું છે તે તો ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ કથન છે.

ભાવાર્થ:—પલ્યના અસંખ્યતામાં ભાગપ્રમાણ જે અસંખ્યાત છે તેટલીવાર ઉત્કૃષ્ટપણે (ઉપરના ચારેને) આ જીવ ગ્રહણ કરે તથા છોડે, તે પછી મુક્તિ પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું સમ્યક્‌ત્વ કેવી રીતે જાણી શકાય? એવા તત્વાર્થશ્રદ્ધાનને નવ ગાથા સૂત્રો દ્વારા કહે છે.

यः तत्त्वं अनेकान्तं नियमात् श्रद्दधाति सप्तभङ्गैः ।
लोकानां प्रश्नवशतः व्यवहारप्रवर्त्तनार्थं च ॥३११॥
यः आदरेण मन्यते जीवाजीवादि नवविधं अर्थम् ।
श्रुतज्ञानेन नयैः च सः सद्दृष्टि भवेत् शुद्धः ॥३१२॥

અર્થ:—તે પુરુષ સપ્તભંગો દ્વારા અનેકાન્ત તત્ત્વોનું નિયમથી શ્રદ્ધા કરે છે. [કારણ કે લોકોના પ્રશ્નવશ વિધિ-નિષેધથી વચનના સાત જ ભંગ થાય છે. (જુઓ શ્રી રાજવાર્તિક

સૂત્ર ૫ કારિકા ૫ પૃષ્ઠ ૨૪) તેથી વ્યવહાર પ્રવર્તના અર્થે પણ સાત ભંગોથી વચનની પ્રવૃત્તિ થાય છે.] વળી જે જીવ-અજીવાદિ નવ પ્રકારના પદાર્થોને શ્રુતજ્ઞાન પ્રમાણથી અને તેના ભેદ જે નય તેનાથી પોતાના આદર યત્ન-ઉદ્યમથી માને શ્રદ્ધા કરે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે. ૩૧૧-૧૨

જુઓ, આ ગાથા ઘણી અલૌકિક છે. અધ્યાત્મનું રહસ્ય તેમાં મૂકી દીધું છે. તત્ત્વ અનેકાંત સ્વરૂપ છે એટલે કે જીવ જીવપણે છે, જીવ અજીવપણે નથી. એમ અસ્તિ-નાસ્તિ આદિ સપ્તભંગી-વડે અનેકાન્તતત્ત્વને નિયમથી શ્રદ્ધે છે તે જીવ સમ્યગ્દષ્ટિ છે ને તેમાં ભૂલ હોય તો તે મિથ્યાદષ્ટિ છે. વળી ધર્મીની વાણીમાં પણ અનેકાન્ત સ્વરૂપ તત્ત્વ જ આવે છે. આત્મા આત્માપણે છે ને આત્મા કર્મપણે નથી, રાગ રાગપણે છે ને કર્મપણે નથી. આમ બધા તત્ત્વોને જેમ છે તેમ પ્રતીતમાં લ્યે તેમ જ લોકવ્યવહારમાં પણ એ જ પ્રમાણે કહે.

પ્રશ્નવશે જીવાદિ તત્ત્વોમાં સપ્તભંગી દ્વારા કથન કરે તે સ્યાદ્વાદ છે. અનેકાન્ત સ્વરૂપનું પ્રતિપાદન કરે ત્યાં દરેક જીવ અનંતગુણરૂપ, અભેદ ત્રિકાળ અંતઃ તત્ત્વ છે. તેમાં પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષરૂપ ક્ષણિક પર્યાયનો અભાવ છે ને પુણ્ય, પાપ, આસ્રવ વગેરે પર્યાય તે કાળે તે-પણે છે પણ તેટલો જીવ નથી, તેના વડે પોતાના આદર યત્નથી માને-જાણે છે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ થાય છે.

જીવ-અજીવ, પુણ્યાદિ નવ પદાર્થ પૃથક્ પૃથક્ જાણે, એક તત્ત્વમાં બીજાને ન ભેળવે, પૃથક્-પૃથક્ લક્ષણથી અનેકાંતથી જાણે તો યથાર્થ જાણ્યું કહેવાય.

ભાવ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ એ જીવની એક સમયની પર્યાય છે તથા દ્રવ્ય-આસ્રવ-બંધ વગેરે નિમિત્તરૂપે પુદ્ગલની એક સમયની પર્યાય છે.

ભાવાર્થઃ—વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે. એક દ્રવ્ય છે તે એક ગુણરૂપ નથી, એક ગુણ તે બીજા ગુણરૂપે નથી. પોતારૂપે છે. અન્યરૂપે નથી. એક પર્યાય છે તે પૂર્વની ને પછીની અન્ય પર્યાયરૂપે નથી, તે બીજાથી નથી. એ રીતે જેમાં અનેક અંત અર્થાત ધર્મ હોય તેને અનેકાન્ત કહે છે, તે ધર્મ છે. અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અનેકત્વ, નિયત્વ, અનિત્યત્વ, ભેદત્વ, અભેદત્વ વગેરે રૂપે છે. જે ધર્મ જે અપેક્ષાએ છે તે જ ધર્મ બીજી અપેક્ષાએ નથી, દ્રવ્ય સામાન્યપણે નિત્ય, અભેદ, શુદ્ધ છે, તે પર્યાયથી પણ એમ જ છે એમ નથી. દરેક ધર્મ પોતાથી છે, પરથી નથી.

શ્રોતાઃ—આસ્રવ છે તે જીવથી ભિન્ન છે કે અભિન્ન છે ?

પૂજ્ય ગુરુદેવઃ—પર્યાય અપેક્ષાએ જીવથી અભિન્ન છે. દ્રવ્ય અપેક્ષાએ ભિન્ન છે. જીવ સ્વાધીન છે કે પરાધીન ? તેનો ઉત્તર સમજ્યા વિના લોકો કહે છે કે જીવ કથંચિત

સ્વાધીન કથંચિત્ પરાધીન તો તેનો અર્થ એમ નથી. પણ પર્યાય અપેક્ષાએ જીવ પોતે પરાશ્રયરૂપ-પરાધીનરૂપ પરિણમે છે. પોતે દ્રવ્યસ્વભાવનો આશ્રય ચૂકીને પરાશ્રય કરે તો પર્યાયમાં પરાધીન કહેવાય છે. કોઈ પરાધીન કરતું નથી. પરદ્રવ્ય-સન્મુખ દૃષ્ટિ કરે તો પરાધીન અને સ્વદ્રવ્યસન્મુખ દૃષ્ટિ કરે તો સ્વાધીન એમ પ્રમાણજ્ઞાન કરવું જોઈએ. વસ્તુ અનેકાંતસ્વરૂપ છે. તેને સમજે તો કર્મ રખડાવે એવી માન્યતા રહે નહિ. કર્મે રખડાવ્યો નથી, પણ જીવ પોતાની ભૂલથી રખડયો છે. પણ પર્યાયબુદ્ધિવાળો જીવ એમ માને છે કે મને પર રખડાવે છે. જેને દ્રવ્યદૃષ્ટિ છે તેને દ્રવ્યદૃષ્ટિમાં શુદ્ધતાની ધારા ચાલી જાય છે. જે જેને પર્યાયદૃષ્ટિ છે તે જીવની દૃષ્ટિ નિમિત્ત ઉપર ચાલી જાય છે. અનેકાંતસ્વરૂપને જાણે તો પર્યાયબુદ્ધિ છૂટીને સ્વભાવ તરફ દૃષ્ટિ વળી ગયા વિના રહે નહિ.

—o—

[ ક્રમશઃ ]

## ખંડવા શહેરમાં પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ

[ તા. ૧૬-૫-૯૧ થી તા. ૨૩-૫-૯૧ ]

ખંડવા દિ. જૈન મુમુક્ષુ સમાજ દ્વારા શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટને તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાવંત સમસ્ત મુમુક્ષુ-સમાજને સાદર વિનમ્ર તેમ જ હાર્દિક અનુરોધ છે કે આગામી વૈશાખ સુદ ૩ થી ૧૦, તા. ૧૬-૫-૯૧ થી તા. ૨૩-૫-૯૧, ગુરુવાર થી ગુરુવાર સુધી આઠ દિવસ અમારા ખંડવા શહેરમાં ( મધ્ય પ્રદેશ ) —પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રીની ઉપકારછાયામાં— અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવનારા 'શ્રી આદિનાથ દિ. જિનબિંબ પંચકલ્યાણકપ્રતિષ્ઠા મહોત્સવ' તેમ જ 'શ્રી પાર્શ્વનાથ દિ. જિનમંદિર-શતાબ્દી સમારોહ'માં આપ સર્વે સપરિવાર તેમ જ મુમુક્ષુમિત્રમંડળ સહિત પધારીને શ્રી કહાનગુરુ-ધર્મપ્રભાવનાની શોભામાં તેમ જ અમારા ધર્મોલ્લાસમાં અભિવૃદ્ધિ કરશો. ખંડવા પધારવાથી આપને ખંડવાસ્થિત જિનમંદિરોના તેમ જ ભવ્ય જિનભગવંતોના દર્શન-પૂજાના લાભ ઉપરાંત સમીપસ્થ બડવાની, ઉન-પાવાગિરિ, સિદ્ધવરકૂટ આદિ સિદ્ધક્ષેત્ર, ઇન્દોર શહેરના ભવ્ય જિનમંદિર તેમ જ તત્રસ્થ 'ગોમ્મટગિરિ' આદિની ભવ્ય યાત્રાનો લાભ પ્રાપ્ત થશે. ભવ્ય નિમંત્રણ પત્રિકા સમય પર મોકલવામાં આવશે.

—*—

# 卐 ત્રૈલોક્યદુઃખહર પ્રભુભક્તિ 卐

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ઋષભદેવ ભગવાનની આ સ્તુતિ છે. આ અવસર્પિણી કાળમાં કર્મભૂમિની આદિમ પ્રથમ તીર્થંકર થયા તેથી તેમનું નામ શ્રી આદિનાથ છે. અઢાર કોડાકોડી સાગરમ મુનિપણાનો ધર્મ ન હતો, જુગલીયા હતા; તેથી ધર્મતીર્થની આદિના કર્તા હે પ્રભુ ! આપ જ છો—એમ તેમને મુખ્ય કરીને તેમની ભક્તિ કરે છે. શુભરાગ વ્યવહારભક્તિ છે આત્મા જ્ઞાનાનંદ છે તેનો સત્કાર કરવો, તેમાં એકાગ્રતા થવી તે નિશ્ચયભક્તિ છે. જ્ઞાનીને આવી નિશ્ચયભક્તિ સહિત વ્યવહારભક્તિ હોય છે. ત્રણ કાળ ત્રણ લોકના સ્વરૂપને સર્વજ્ઞ જાણે છે એમ હું પણ જાણનાર સ્વભાવી છું, સ્વભાવ સન્મુખ થઈ એવું નક્કી કરવું તે નિશ્ચયભક્તિ છે અને સાથે ધર્માત્માને શુભરાગ આવે તે વ્યવહારભક્તિ છે.

માની જ તેમ સ્તુતિ નાથ તમારી આ મેં,
આરંભી અલ્પ મતિથી પ્રભુના પ્રભાવે;
તે ચિત્ત સજ્જન હરે, જ્યમ બિંદુ પામે
મોતી તણી કમલપત્ર વિષે પ્રભાને. ૮.

દૃષ્ટિમાં પરમ પ્રભુતાની એકતા અને મહિમા વર્તે જ છે છતાં વિનયથી નમ્રતા વડે પ્રાર્થના કરે છે. હે નાથ! હે સ્વામી! એમ કહીને પંચમકાળમાં જાણે ભગવાનને હેઠે ઊતાર્યા છે. સિદ્ધ પરમાત્મા માનો કે મારી સામે હાજર છે. ચૈતન્યના સાગર હે પરમ પવિત્ર આત્મા ! મારી મંદ બુદ્ધિ છે, આપને તો કેવળજ્ઞાન છે, મારી પાસે તો મતિશ્રુતની તુચ્છ બુદ્ધિ છે, તેને અંતર્મુખવાળી છે. હવે હું આપનું સ્તવન કરૂં છું, જેમ કુંદકુંદાચાર્ય કહે છે કે હું દ્રવ્યભાવસ્તુતિ શરૂ કરૂં છું તેમ અહીં કહે છે કે હું આપનું સ્તવન શરૂ કરું છું, જેમાં આપની ભક્તિના પ્રભાવથી પ્રસન્નચિત્ત એવા પુરુષોને મારું સ્તોત્ર રુચિકર થશે. સ્વભાવની રુચિ થશે ને પરમાત્માની ભક્તિની જેને અભિલાષા થઈ તેને ગોઠશે. આચાર્યને ભક્તિનો પરમ પ્રેમ ઊછળી ગયો છે. હવે ઉપમા આપે છે કે જેમ પાણીનું બુંદ છે પણ તે કમળના પત્ર ઉપર મોતી જેવું લાગે છે તે પ્રતાપ કમળના પત્રનો છે; તેમ મારી ભક્તિ પાણીનાં બુંદ સમાન છે પણ આપની મુક્તાફળ જેવી કાન્તિવાળી થશે. આપની ભક્તિ કરવામાં રાગ હોય છે તોપણ મુક્તાફળની જેમ શોભશે. પ્રેમથી કરેલી સ્તુતિ છે.

હે નાથ ! કમળ ઉપર પાણી મોતી જેવું સુંદર લાગે છે, તેમ મુજ અલ્પજ્ઞ દ્વારા

રેલી સ્તુતિ આપના પ્રતાપે સજ્જન ધર્માત્માના ચિત્તમાં વાસ કરશે, તેથી મુક્તાફળની મ શોભશે.

દૂર રહો રહિત દોષ સ્તુતિ તમારી,
તારી કથા પણ અહો જન પાપહારી;
દૂર રહે રવિ તથાપિ તસ પ્રભાએ,
ખીલે સરોવર વિષે કમળો ઘણાંયે. ૯.

હે જિનેશ્વર ભગવાન ! આપ સંપૂર્ણ દોષ રહિત છો અને આ સ્તવન દોષ રહિત છે. આપનું નિર્દોષ સ્તવન કરવાથી દોષ રહિત થવાય છે, બધા દોષોનો નાશ કરવાવાળી છે. આપે વીતરાગભાવ પ્રગટ કર્યો છે. હે નાથ ! આપે વીતરાગતાનું મંથન મનન કરીને અંતર શક્તિમાંથી સર્વજ્ઞપદ ને વીતરાગતા પ્રગટ કરી છે, તેથી આપની વાણીમાં સર્વજ્ઞતા અને વીતરાગતા જ પ્રગટ કરવાનું આવે છે. તેથી આપની વીતરાગતાની કથા સર્વ દોષોનો નાશ કરવામાં જ હું કારણ માનું છું. સુકથા કોને કહે છે ?—

વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરવાનું કહે, તે સાચી કથા છે.

આપે કહેલ ઇષ્ટ ઉપદેશ તેનો યથાર્થ ભાવ જે સમજે, તેણે આપની કથા સાંભળી કહેવાય. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરી તેજ ભવે મોક્ષ જાય, તેની તો શી વાત કરવી ? અવિકારી શ્રદ્ધા, જ્ઞાન અને આનંદમય સ્વભાવની વાત અને નિર્મળ ચૈતન્ય સ્વભાવના આશ્રયે જ કલ્યાણ બતાવે તે કથા પણ દોષનો નાશ કરનારી છે. જે કથા રાગદ્વેષનો ઝુકાવ છોડાવી ચૈતન્ય માત્ર સ્વભાવનો ઝુકાવ કરાવવાનું કહે છે તે સમ્યક્ કથા છે. જે સર્વજ્ઞ, વીતરાગપદ પામ્યા, તે પમાડવાની વાત છે, તે પવિત્ર કથા છે નિમિત્તથી પુણ્યથી લાભ બતાવે, તે વીતરાગની કથા નથી, પણ અનંત સંસારના બંધનરૂપ પાપની પુષ્ટિ કરાવનાર મિથ્યાત્વનું કીર્તન કરનારી વિકથા છે.

અકષાય પરમાનંદ મૂર્તિ ચૈતન્યસત્તાને ભૂલીને અલ્પજ્ઞતા અને રાગ-દ્વેષમાં અનાદિથી રોકાયો છે, તેને કહે છે કે તારામાં નિત્ય નિરન્તર પૂર્ણ જ્ઞાન આનંદ સ્વભાવ છે, તેમાં દૃષ્ટિ કરે, તે તરફ ઝુકાવ કરે તો તેને પાપ નાશ થયા વિના રહે નહીં. અજ્ઞાનીએ સાચી કથા સાંભળી નથી. વ્યવહારથી-પરાશ્રયથી, નિમિત્તથી અને પુણ્યથી લાભ માન્યો છે. તેણે વીતરાગની કથા સાંભળી નથી. હે પ્રભુ ! આપની સત કથા જગતના જીવોના પાપનો નાશ કરનારી છે. ક્ષેત્ર અપેક્ષાએ હજારો કિરણોયુક્ત સૂર્ય જેમ દૂર છે, તેમ ભાવ અને સ્વકાળ અપેક્ષાએ કેવળજ્ઞાન દૂર છે. પણ જેમ પરોઢિયું થતાં હાથની રેખા દેખાય, તેમ હે નાથ ! તાત્વિક અંતર દૃષ્ટિના અવલોકન પૂર્વક આપનું સ્તવન અને પૂર્ણાનંદની રમણતા તેની તો જુદી વાત છે, પણ તારી કથા એટલે વીતરાગ સ્વભાવની વાર્તા જો રુચે, તો

મિથ્યાત્વનો નાશ થાય છે. જેમાં અનંતકાળથી નહીં પ્રગટેલું એવું પરોઢિયું થાય અ
કેવળજ્ઞાન થાય જ છે; સૂર્યનો સીધો પ્રકાશ દૂર હોવા છતાં અમુક જાતના ફૂલ તે
ખીલવા માંડે છે. જે ફૂલ રાત્રે બીડાયેલાં હોય છે, તે સવાર થતાં બીડાયેલાં ન રહે
ખીલવાની લાયકાતવાળા કમળ સૂર્યના ઉદયકાળે સ્વયં ખીલે છે, તેમ તારી વાર્તા સાંભળત
ભવ્ય જીવો ખીલે છે. તારી વીતરાગ કથા સાંભળતા અમારા રોમાંચ-રોમરોમ પુલકિતપણે
પરમ હર્ષિત થાય છે અને અપૂર્વ પ્રસન્નતા વડે અસંખ્ય નિજ પ્રદેશમાં નવા અંકુરે
ફૂટે છે.

હે પ્રભુ! તારી કથામાં પરાશ્રય વ્યવહાર-રાગનો આદર નથી પણ એકલા વીતરાગ સ્વભાવનો જ આદર છે. જેટલું પર તરફ વલણ તે ચૈતન્યની જાગૃતિને રોકનાર છે. રાગ તે જાગ્રતદશા નથી, સ્વસન્મુખ થતું જ્ઞાન જાગ્રત દશા છે અને તે વડે આત્મા જાગ્રત કહેવાય છે. હે પ્રભુ! નિર્દોષ સ્તવનમાં અનંત શક્તિ છે. જે સત્પુરુષો અંતરંગમાં એકાગ્ર થઈ પવિત્રતામાં રમે છે તેની તો શી વાત? પણ આપની પવિત્ર કથા એટલે સત્ શાસ્ત્રોની સ્વાધ્યાય કરે, તેને પણ ભવતાપનો નાશ થાય છે. કેમકે સર્વજ્ઞ વીતરાગ કથિત શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા જ છે. પંચાસ્તિકાયમાં શાસ્ત્રતાત્પર્યનો અર્થ કહેલ છે કે ચારે અનુયોગમાં સાર વીતરાગતા છે. જ્યાં રાગથી નિમિત્તથી લાભ મનાવે, તેને વીતરાગનાં શાસ્ત્ર વાંચતાં આવડતાં નથી. સર્વત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા અને સર્વજ્ઞ સ્વભાવનો જ આદર કરવો જોઈએ. જેમ સર્વજ્ઞ ભગવાને વીતરાગ દૃષ્ટિ જ્ઞાનપૂર્વક રાગ ટાળ્યો છે તે તારે કરવા જેવું છે. પ્રથમથી જ એની શ્રદ્ધા કરવી જોઈએ. પ્રથમ રાગ-વ્યવહાર કરવાનું કહે, તો તેણે રાગ શા માટે ટાળ્યો? ભાઈ! શુભરાગ પણ કિંચિત આદર કરવા યોગ્ય નથી. ઉપસર્ગકાળે મુનિ મૌન રહે છે, ઉપદેશ આપે નહીં. અંદર ભક્તિરૂપ સ્તવન ઝલક જાગી, અને પુણ્યનો ઉદય હતો, તેથી યોગાનુયોગ ૪૮ તાળા તૂટયાં. રાજાને વિશ્વાસ નથી તેથી ફરી જેલમાં નાખ્યા, પાકા પહેરા રાખ્યા છતાં તાળા તૂટી ગયા. ત્રીજી વાર વિરોધીને ઊભા રાખ્યા છતાં તાળા તૂટી ગયા. જ્ઞાનસ્વભાવ મુક્તપણે દૃષ્ટિમાં આવ્યો, તેને વજ્ર પણ રોકી ન શકે, તો કર્મ રોકી શકે તેમ બને નહીં.

હે પ્રભુ! તારો ભક્ત તાળાબંધીમાં રહે નહીં ને તાળાં તૂટી ગયા. હે પ્રભુ! તારી વાર્તામાં પણ સામર્થ્ય છે કે પાપ નાશ પામે છે. જેમ કળીમાં ખીલવાની યોગ્યતા હોય છે, તે જ કાળે ખીલે છે; તેમાં સૂર્ય અથવા ચંદ્ર નિમિત્તમાત્ર કારણ છે. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે કે જે કમળમાં ખીલવાની લાયકાત છે તેથી તે ખીલે છે. તેમ અમારી લાયકાત (યોગ્યતા) છે, તેથી ભક્તિ કરતાં જ પાપ નાશ પામે છે. શ્રી પદ્મનંદી આચાર્યે દાનના ઉપદેશમાં કહ્યું કે લોભરૂપી કુવાની ભેખડમાં ભરાયેલા જીવોને બહાર કાઢવા માટે દાનનો ઉપદેશ કહીશ. પછી દાખલો આપ્યો કે જેમ કાગડાને બળેલાં ઉકળીઆ મળે, પણ એકલો ન ખાય, કોં કોં અવાજ કરીને પચ્ચીસ ભેગાં થઈને ખાય;

તેમ પ્રભુ! જેની પાસે ધનાદિ છે, તેને પણ પૂર્વે પુણ્ય બંધાયું, તેમાં તેના પવિત્ર ગુણ દાઝયા હતા હવે તે પુણ્યને લીધે લક્ષ્મી મળી. ગૃહસ્થોને કહે છે કે એ લક્ષ્મી તું દાનમાં નહીં દે, તો કાગડામાંથી પણ જઈશ. પછી છેવટનો ઉપદેશ કહે છે કે મેં બહુ ઉપદેશ કર્યો, પણ આ ઉપદેશ કોને લાગુ પડશે? કે જેમ ભ્રમર ગુંજારવ કરતી વખતે જો પુષ્પની કળી ઉપર જશે, તો કળી ખીલી ઊઠશે; પણ જો પત્થરની કળી હશે તો નહીં ખીલે. તેમ દાનમાં તૃષ્ણા ઘટાડવાની વાત સાંભળી લાયક જીવ હશે, તે ખીલશે; ઉપદેશનું નિમિત્ત તેને છે. તો અહીં કહે છે કે અમારા સ્વભાવની લાયકાતથી સ્વભાવ ખીલી જાય છે ને પાપ નાશ થાય છે, તેમાં આપની ભક્તિ જ નિમિત્ત છે.

—※—

[ ક્રમશઃ ]

[ સુવર્ણપુરી સમાચાર... પેઈજ–૨૮થી ચાલુ ]

* પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાન પર તેઓશ્રીના ચિત્રપટ સમક્ષ દર્શનાર્થી સમાગત મુમુક્ષુઓ દ્વારા મૂકવામાં આવેલી કુલ રકમ રૂા. ૧૫૦૦૦/– ટ્રસ્ટના જ્ઞાન ખાતે જાહેર કરવામાં આવી હતી.

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

* નાતાલની રજાઓમાં તા. ૨૩–૧૨–૯૦, રવિવાર થી તા. ૧–૧–૯૧, મંગળવાર— એમ દસ દિવસ સુધી અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ધાર્મિક શિક્ષણવર્ગનું (માત્ર પુરુષો માટે) આયોજન રાખવામાં આવ્યું છે. અધ્યાત્મતત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓને આ ધાર્મિક શિક્ષણવર્ગનો લાભ લેવા અર્થે પધારવા શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. બહારગામથી આવેલ શિક્ષણાર્થી બંધુઓ માટે આવાસ–ભોજન–વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## વૈરાગ્ય સમાચાર :—

* મુંબઈ (દાદર) નિવાસી શ્રી કંકુબેન રીખવદાસજી જૈન (–બ્ર. વિમળાબેનના માતુશ્રી) (વર્ષ–૭૪) તા. ૨૦–૧૦–૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અતંત્ય ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[ અધ્યાત્મ-પુષ્પો.... ટાઈટલ ૩ થી ચાલુ ]

તેમની નાસ્તિ છે. જેની સ્વભાવથી જ નાસ્તિ છે તેનો ત્યાગ શો? પરંતુ આત્મ પર્યાયમાં જે રાગાદિ મલિનતા છે તેની, ત્રિકાળીની દૃષ્ટિ કરીને, ઉત્પત્તિ જ ન થા તેનો ત્યાગ કર્યો—એમ વ્યવહારથી કહેવાય છે. અહા! આ ચીજના ભાન વિના ત્યાગનાં અભિમાન ચડી જાય કે—'અમે ત્યાગ્યું છે ને તમે ત્યાગ્યું નથી; અમે વાર નીરસ નિર્દોષ આહાર લઈએ છીએ. અમારા માટે કરેલો આહાર અમે ન લઈ —એવી સ્થિતિ હોય તોપણ એ કાંઈ ધર્મ નથી.

☐ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા ને પંચમહાવ્રતના પરિણામ એ તો રાગ છે. મારું સ્વરૂપ છે એવું માનવું તે તો મિથ્યાત્વ છે. પરંતુ આત્મા તો શુભાશુભ રાગથી રહિત, ત્રિકાળ શુદ્ધિધામ, નિત્ય આનંદનું દળ એવો બળવાન—જોરદાર જ્ઞ પદાર્થ છે; તેનો જેણે આશ્રય લીધો, તેના ઉપર જેણે દૃષ્ટિ મૂકી અને એ દૃષ્ટિ વડે આખા પૂર્ણ જ્ઞાયકને સ્વીકાર્યો તેને શુદ્ધ પર્યાય પ્રગટે જ. આવી વાતો છે.

☐ દ્રવ્યદૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન વિવેક કરીને જાણે છે કે પર્યાયમાં રાગ છે, હજી અવસ્થામાં હું પૂર્ણ શુદ્ધ થયો નથી. ત્રિકાળી પૂર્ણ શુદ્ધ જ્ઞાયકત દૃષ્ટિમાં પકડયું છે, પણ પર્યાયમાં હજી અપૂર્ણતા છે. દૃષ્ટિ તેનો સ્વીકાર કરતી દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી પૂર્ણ તત્ત્વ જ છે. પરંતુ દૃષ્ટિ થતાં જે સમ્યગ્જ્ઞાન થ ત્રિકાળી તત્ત્વને પણ સ્વીકારે છે અને પર્યાયમાં અપૂર્ણતા, રાગ, પુરુષાર્થની ક વગેરે છે તેને પણ બરાબર જાણે છે. સાધકનું તે જ્ઞાન એમ જાણતું નથી કે—'હું પર્યા પૂરો થઈ ગયો છું'. અહા! સમજાણું કાંઈ? બાપુ! આ મારગડા બીજા છે, ભાઈ!

☐ તારી ચાલતી વિચારધારાસ્વરૂપ જે પર્યાય છે તેની સમીપે જ અંદર અ ધ્રુવ તત્ત્વ પડયું છે; પણ તે બદલતી પર્યાયે ધ્રુવ તત્ત્વને કદી જોયું નથી. તે પ પરને, રાગને ને પુણ્ય-પાપને જોયા કરે છે. એકલા પરને જોવાનું કામ એ તો મિથ્યા ને મિથ્યાશ્રદ્ધા છે. આહાહા! અંદર જોવાનું છે. જ્યાં જોનારો છે તેને જોતાં, જાણન જાણતાં, દેખનારને દેખતાં, જેની સત્તામાં—હોવાપણામાં લોકાલોક જણાય એ જ્ઞાન છે.

☐ સમ્યગ્દર્શનનો જે વિષય છે, સમ્યગ્દૃષ્ટિનું જે આલંબન છે, ધ્યાનીના ધ્ય જે ધ્યેય છે, તે તો અનાદિ-અનંત એક અખંડ છે. ગમે તેટલો કાળ ગયો ને તેટલા વિભાવભાવ થયા, વસ્તુ તો જે છે તે સહજ અખંડ છે. મિથ્યાત્વ ને અજ્ઞા પર્યાય છે તો એની; પણ તે પર્યાય-અંશ છે, અખંડ તત્ત્વની અંદર તે નથી. વિષય છે. અહા! કેમ બેસે?

☐ પૂર્ણાનંદના નાથનો આશ્રય કરીને રાગની એકતા તૂટી ગઈ ને સ્વભાવમાં એકતા થઈ ગઈ એવા ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ જીવને એવો નિઃશંક ગુણ હોય છે—તે અંતર અનુભવમાં એવો નિઃશંક હોય છે—કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય, આખી દુનિયા વિરોધમાં આવી જાય છતાં તેને સ્વાનુભવમાં કદી શંકા થતી નથી. જેના તળિયામાં અનંત આનંદ ને શાંતિ ભરી પડી છે, જે સુધાનો સાગર છે, તેના આશ્રયે જેને નિર્મળ દૃષ્ટિ અને અનુભવ થયો, એવા સમ્યગ્દષ્ટિ જીવને એવી નિઃશંકતા હોય છે કે આખી દુનિયા ફરી જાય, વિરોધ કરે, તોપણ અનુભવમાં શંકા થતી નથી. આ બહુ મોટા ત્યાગી છે અને તે વસ્તુસ્વરૂપ આમ કહે છે, તો શું એમાં કાંઈ તથ્ય હશે?—એવી શંકા ધર્મીને બિલકુલ રહેતી નથી.

☐ ભાઈ! અનંત કાળે તને આવો મનુષ્યદેહ મળ્યો. અંદર જ્ઞાયકભગવાન તારી વર્તમાન પર્યાયની સમીપમાં પડ્યો છે. અહા! બેઠો છે ને. પણ તારી નજરફેરના કારણે તને તે જણાતો નથી. તારી નજર રાગમાં, પુણ્યમાં ને રાગના ફળમાં છે. એમાં તું રોકાઈ ગયો છે. આહાહા! એક સમયની પર્યાયને રાગની રુચિની આડમાં, આખો ભગવાન સમીપમાં છે તેને જોયો નહિ.

☐ આત્મા અનાદિથી એક સમયની પર્યાય જે પ્રગટ છે તેમાં પોતાનું અસ્તિત્વ માની રમી રહ્યો છે; પરંતુ વર્તમાન પ્રગટ પર્યાયની બાજુમાં અંદર ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે, આશ્ચર્યકારી કોઈ સર્વોત્કૃષ્ટ ચીજ છે, તેની તેને ખબર ને મહિમા નથી. આહાહા! આ વાત તો અંતર્મુખ થવાની છે; બહુ સૂક્ષ્મ પડે પણ એણે કરવું તો પડશે.

☐ વસ્તુ તો સ્વભાવે અખંડ છે, પૂર્ણ છે; પણ સાથે સાથે મુનિને પર્યાયમાં ત્રણ કષાયના અભાવની આનંદદશાસ્વરૂપ ઘણી કૃતકૃત્યતા—વીતરાગ પ્રચુર સ્વસંવેદનદશા પ્રગટી છે. પૂર્ણ કૃતકૃત્યતા તો કેવળીને છે, પરંતુ મુનિને પણ ઘણું કૃતકૃત્યપણું થયું છે. અંદરમાં રહેવું તે મુનિનો સહજ વસવાટ છે, બહારમાં આવવું તે એમને બોજો લાગે છે.

☐ ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમપારિણામિકભાવ પ્રભુ એવો ને એવો અખંડ રહ્યો છે; કેમ કે અનંત-અનંત-ગુણમય ધ્રુવધામ તો ગમે તેટલો કાળ ગયો અને ગમે તેટલા વિભાવ થયા તોપણ, જે છે તે જ છે. વિભાવની રમતો પર્યાય ઉપર છે, દ્રવ્યમાં નથી. એ પર્યાયરહિત દ્રવ્યને પકડવું તે દ્રવ્યદૃષ્ટિ: એટલે કે દ્રવ્યને પકડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન. એ ધર્મની પ્રથમ શરૂઆત છે. એ વિના બધાં થોથાં છે.

—*—

(તા. ૧૦-૧૨-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્દગુરુ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રતાપ તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણ પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધ પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્ર પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્રદર્શન-પૂ પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસાર પર (૧૯૬૧નું) ટેપ-પ્રવચન, પુરુષો મ પંચાસ્તિકાયસંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-નાટક પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્ય નિયમિત ચાલી રહ્યો છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા સાંભળીને અનેક સમા મુમુક્ષુ મહેમાન અનુભવવાણીનો સાક્ષાત્ લાભ મળવા જેવો અનુભવ કરતાં અત્યંત પ્રે વ્યક્ત કરે છે.

* માગશર વદ-૮, તા. ૯-૧૨-૯૦ના રોજ પરમાગમ શ્રી સમયસાર અ અધ્યાત્મશ્રુતના પ્રણેતા પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચ પદારોહણ દિન' આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતભાઈ જે. શાહ દ્વારા કરાવવા આવેલ વિશેષ પૂજાભક્તિ તેમજ જ્ઞાનોપાસના પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* પોષ વદ ૧૪, સોમવાર, તા. ૧૪-૧-૯૧ના રોજ પરમ પૂજ્ય શ્રી આદિન ભગવાનના વિશાળ વીતરાગ ભાવવાહી મનોજ્ઞ જિનબિંબ સમક્ષ નંદીશ્વર જિનાલય "શ્રી ઋષભનિર્વાણ"નો વાર્ષિક પર્વ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ પરિવાર તરફથી રૂ. ૩ લાખ પુસ્તક પ્રકાશનમાં ટકા કિંમત ઘટાડવા માટે, રૂ. ૧૧૧૧૧/-પૂજ્ય ભગવતીમાતાના સમાધિ-મંદિર ખાતે તેમ રૂ. ૪ હજાર જૈન અતિથિ સેવા સમિતિમાં કાયમીતિથિ ખાતે જાહેર કરવામાં આવ હતા. તદુપરાંત તેમના સંબંધીઓ તરફથી રૂ. ૨૬ હજાર જૈન અતિથિ સેવા સમિતિ ફોટાઓ અને કાયમીતિથિ ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૫ ]

## ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્‌ત્વબોધ-મહેકતાં
## અધ્યાત્મ–પુષ્પો

☐ કેવળજ્ઞાન પણ જે ચૈતન્યદ્રવ્ય પાસે અધિક નથી—એવો ભગવાન તું પોતે જ છો ને પ્રભુ! તને હીણો કલ્પવો તે મોટી ભ્રમણા છે. તને ચાર ગતિવાળો માનવો તે ભ્રમણા છે. ભગવાનસ્વરૂપે તું જ બિરાજે છે તેને જો. પરદ્રવ્યનું માહાત્મ્ય આવે તો તને સ્વદ્રવ્યનું માહાત્મ્ય ઊડી ગયું છે પ્રભુ!

☐ નિજ ચૈતન્ય જેવી જગતમાં ઊંચી ચીજ કોઈ નથી. જેની મોજૂદગી જ્ઞાન, આનંદ આદિ પૂર્ણ સ્વભાવથી ભરેલી છે એવો જે પોતાનો ભગવાન આત્મા, અસ્તિ-સ્વરૂપ વસ્તુ, દ્રવ્ય, પદાર્થ, તત્ત્વ—એના જેવી મોટી કોઈ ચીજ જગતમાં નથી. માટે એ મોટી ચીજમાં જા. એ મોટી ચીજનું માહાત્મ્ય કર. તે સર્વોત્કૃષ્ટ ચીજ જ્ઞાયક પ્રભુ પાસે અનુભૂતિ, સમકિત કે ચારિત્રપર્યાયનું પણ માહાત્મ્ય છે જ નહિ. એ ત્રિકાળી ચૈતન્યવસ્તુ અંતરમાં છે. અંતરમાં તેને યથાર્થપણે ગ્રહણ કરવી અને દૃષ્ટિમાં એને વિષય બનાવવી. તે માટે તું ત્યાં અંતરમાં જા, તું ત્યાં ઠર, ત્યાં નિવાસ કર, તો તને શાશ્વત શાંતિ થશે. જે ચૈતન્યવસ્તુ દૃષ્ટિમાં પહેલાં જોઈ છે ને જ્ઞાનની પર્યાયમાં જાણી છે, તે વસ્તુમાં હવે ઠર. તેનું નામ ચારિત્ર છે.

☐ અશુભથી બચવા માટે જ્ઞાનીને પણ શુભ ભાવ આવે, પણ તે છે તો અશુચિ ને દુઃખરૂપ; અને ભગવાન આત્મા તો પવિત્ર છે, સુખરૂપ છે. જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો જે પિંડ છે, પવિત્રતાનો પિંડ છે તેને પ્રભુ આત્મા કહીએ. એ નિજ આત્મા જ પરમપવિત્ર તીર્થ છે. તેમાં સ્નાન કર. અહા! પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા કે જે પવિત્ર, અતીન્દ્રિય આનંદનો રસકંદ છે તેમાં સ્નાન કર. તેમાં એકાગ્રતા કરીને આનંદનો સ્વાદ લે.

☐ આ બધી નિશ્ચયની વાતો લોકોને—અજાણ્યા માણસને—એવી લાગે કે આ શું! આ કઈ જાતનો ધર્મ હશે? વીતરાગનો ધર્મ શું આવો હશે? છ કાયની દયા પાળવી, વ્રત પાળવાં, અપવાસ કરવાં, રાત્રે ભોજન ન કરવું, ચોવિહાર કરવો વગેરે ધર્મ છે—એમ તો સાંભળ્યું છે. અરે પ્રભુ! સાંભળ તો ખરો. અંદર પર્યાયદૃષ્ટિનો ત્યાગ કરવો ને દ્રવ્યદૃષ્ટિને ગ્રહણ કરવી—એ મૂળ ચીજ છે. બહારની ચીજોનો તો વસ્તુમાં અભાવ જ છે. કર્મ, શરીર વગેરે બહારની ચીજ આત્માને અડી જ નથી; આત્મામાં

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ....૨૬ ]

# 卐 જ્ઞાનલક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને 卐

બાપુ! તને ધર્મની ખબર નથી. ધર્મ તો કોઈ અલૌકિક, અદ્ભુત ને અપૂર્વ છે. અનંત કાળ ગયો પણ 'ધર્મ શું છે?' તે જાણ્યું નથી અને એનો વિચાર પણ યથાર્થપણે કદી કર્યો નથી. હવે જ્ઞાનલક્ષણ દ્વારા અંતરમાં જઈને આત્માને ઓળખ, આત્માનું જ્ઞાન કર, તને આનંદ થશે; તારું દુઃખ ટળશે અને અતીન્દ્રિય સુખ થશે. જે જાણે છે, જેમાં જણાય છે એવું જે જ્ઞાન તે આત્મા;—એમ જ્ઞાન લક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને આત્માને શોધી લે. —પૂજ્ય ગુરુદેવ


If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ


૧૪૨૬ A શ્રી મણિલાલ પી. દેસાઈ સ્ટીકર
લોકભારતી, પો. ઑ. ...
સણોસરા
વાયા—સોનગઢ